કિંમત ₹ ૫/-
સળંગ અંક ૭૪ - જૂન - ૨૦૧૩

# શ્રી સ્વામિનારાયણ માસિક

પ્રકાશનઃ- દર માસની ૧૧ તારીખે

## શ્રી સ્વામિનારાયણ મંદિર જીવરાજપાર્ક (અમદાવાદ)નો રજત જયંતી મહોત્સવ











પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ - ૩૮૦૦૦૧













૧. શ્રી સ્વામિનારાયણ મંદિર -કાલુપુરમાં ઠાકોરજીના ચંદનના વાઘાના દર્શન. ૨. વિહાર ગામે પ.ભ. સાંકળચંદભાઈ પટેલ પરિવાર દ્વારા આયોજીત કથા પારાયણ પ્રસંગે આશીર્વાદ આપતાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીનું પૂજન કરતાં યજમાન પરિવાર. ૩. શ્રી સ્વામિનારાયણ મંદિર -નારણપુરામાં બાલ સ્વરૂપ ઘનશ્યામ મહારાજના ચંદનના વાઘાના દર્શન. ૪. ભાભરગામે (બનાસકાંઠા) નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરનું ભૂમિ પૂજન કરતાં પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીનું પૂજન કરતાં યજમાન પરિવાર. ૫. દિયોદર ગામે (બનાસકાંઠા) નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરનું ભૂમિ પૂજન કરતાં પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પૂજન કરતાં યજમાન પરિવાર. ૬. ઝુલાસણ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવકો સાથે પ.પૂ.મહારાજશ્રી



# શ્રી સ્વામિનારાયણ


શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૭ ● અંક : ૭૪

જૂન-૨૦૧૩





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
**www.swaminarayanmuseum.com**
**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**www.swaminarayan.info**
**www.swaminarayan.in**

એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | શંખનાદ | ૦૬ |
| ૦૪. | અક્ષર મૂર્તિ યોગીવર્ય ગોપાળાનંદ સ્વામી | ૦૮ |
| ૦૫. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૨ |
| ૦૬. | સત્સંગ બાલવાટિકા | ૧૪ |
| ૦૭. | ભક્તિ સુધા | ૧૬ |
| ૦૮. | પ્રશ્ન પેટી | ૨૧ |
| ૦૯. | સત્સંગ સમાચાર | ૨૨ |



**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● વંશ પરંપરાગત દેશમાં રૂા. ૫૦૧-૦૦ ● વિદેશમાં :રૂા. ૧૦,૦૦૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦

# ॥ અસ્મદીયમ્ ॥

સર્વાવતારી ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતાના આશ્રિતોના સુખ માટે શિક્ષાપત્રી આપી છે. જેની આજ્ઞા જે પાળે તે ક્યારેય દુઃખી તો ન જ થાય. આપણે આપણું ધાર્યું કરવા જઈએ ત્યારે સામેથી દુઃખ ઉભું થાય છે. કહ્યું છે ને કે ''ધાર્યું ધણીનું થાય'' માટે આપણે એવું ડહાપણ પણ ન કરવું કે જેનાથી દુઃખ ઉભું થાય. ભગવાન ભજવામાં જે અંતરાય થાય તેને માયા કહે છે. માયાનું આવરણ હટી જાય તો ભગવાન ભજવાનું સુખ ખૂબજ મળે. પણ આપણને માયા વળગેલી છે તે આપણો પીછો છોડતી નથી. મહારાજ કહે છે કે જ્યારે રાજસ, તામસ ગુણ પ્રર્વતતા હોય ત્યારે ભગવાન ભજવામાં અંતરાય આવે છે. જ્યારે સત્વગુણ પ્રર્વતે ત્યારે અખંડ ભગવાનમાં ચિત્ત પરોવાય અને ભગવાનનું અખંડ ભજન થાય. માટે આપણે સૌએ સર્વોપરી શ્રીહરિનું સતત ને સતત અખંડ ચિંતવન - સ્મરણ કરતા રહેવું. ગમે તેવા ભુંડા પ્રારબ્ધ હશે તો પણ શ્રીહરિના અખંડ સ્મરણથી જતા રહેશે.

હાલ ગરમીનો પ્રકોપ ચાલું છે. આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનના સ્વરૂપોને શિતલ મલીયા ગરના અલૌકિક વાઘા ધરાવીને દર્શન કરતા શિતળતાનું સુખ લઈએ છીએ. ભગવાન શ્રીહરિને પ્રાર્થના કરવી કે અમારું મન સદાય આપની મૂર્તિમાં અખંડ અને શિતળ રહે અને અમને અહોપણું અહોપણું સદાય વર્તાયા કરે.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ



(મે-૨૦૧૩)

૧ શ્રી સ્વામિનારાયણ મંદિર દેવપુરા (તા. વિરમગામ) શતાબ્દી મહોત્સવ પ્રસંગે પધરામણી.
૨ શ્રી સ્વામિનારાયણ મંદિર રામપરા (મૂળીદેશ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૩ શ્રી સ્વામિનારાયણ મંદિર લસુન્દ્રા કથા પ્રસંગે પધરામણી.
૪ પ.ભ. ઘનશ્યામભાઈ પટેલ (વિહારવાળા) ને ત્યાં મહાપૂજા પ્રસંગે પધરામણી, નરોડા નિકોલ.
૬ શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળી કથા પ્રસંગે પધરામણી.
૭-૮ શ્રી સ્વામિનારાયણ મંદિર માંડવી (કચ્છ) પધરામણી.
૧૦ શ્રી સ્વામિનારાયણ મંદિર ઉનાવા કથા પ્રસંગે પધરામણી
૧૧ શ્રી સ્વામિનારાયણ મંદિર ડુમાણા (તા. વિરમગામ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૧૨ વિહાર ગામે કથા પ્રસંગે પધરામણી. સાંજે બળદીયા (કચ્છ) પધરામણી.
૧૩ બળદીયા (કચ્છ) શ્રી સ્વામિનારાયણ મંદિર શોભાયાત્રા અને ત્યાંથી સામત્રા (કચ્છ) પધરામણી. સાંજે ભૂજ (કચ્છ) પધરામણી.
૧૪-૧૫ શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ (કચ્છ) કથા પ્રસંગે અને પાટોત્સવ-મહાભિષેક પોતાના વરદ્ હસ્તે વિધિવત રીતે સંપન્ન થયો.
૧૬ શ્રી સ્વામિનારાયણ મંદિર મોટપ કથા અને પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૧૭ શ્રી સ્વામિનારાયણ મંદિર કુકડીયા (ઈડર દેશ) પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૧૮ શ્રી સ્વામિનારાયણ મંદિર લાલોડા (ઈડર દેશ) પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૧૯ શ્રી સ્વામિનારાયણ મંદિર જીવરાજપાર્ક ૨૫ માં પાટોત્સવ અને કથા પ્રસંગે પધરામણી.
૨૪ પ.ભ. પટેલ વિકેનભાઈ કાંતિલાલને ત્યાં પધરામણી, બાવળા.
રાત્રે ભુજ (કચ્છ) પધરામણી.
૨૫ સુખપર (કચ્છ) પધરામણી.
૨૬-૨૭ ભુજ (કચ્છ) પધરામણી. સાંજે દહીંસરા (કચ્છ) પધરામણી.
૨૮ શ્રી સ્વામિનારાયણ મંદિર સાયરા (સાબરકાંઠા) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૨૯ શ્રી સ્વામિનારાયણ મંદિર ધોળકા પાટોત્સવ પ્રસંગે પધરામણી,
બપોરે શ્રી સ્વામિનારાયણ મંદિર મેડા પધરામણી.
૩૦ શ્રી સ્વામિનારાયણ મંદિર ભરાડા (તા. ધ્રાંગધ્રા મૂળી દેશ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

## પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(મે-૨૦૧૩)

૧૨. શ્રી સ્વામિનારાયણ મંદિર દિયોદર (બનાસકાંઠા) નૂતન મંદિરના ભૂમિ પૂજન પ્રસંગે પધરામણી.
૧૫. શ્રી સ્વામિનારાયણ મંદિર દાંતીવા (વાલી-રાજસ્થાન) પધરામણી.
૧૭. શ્રી સ્વામિનારાયણ મંદિર જીવરાજપાર્ક રજત જયંતી મહોત્સવ પ્રસંગે પધરામણી.

# શંખનાદ

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)



આપણી વૈદિક અને પૌરાણિક પૂજાવિધિમાં શંખપૂજન ખૂબજ મહત્વ ધરાવે છે. તે અષ્ટ રાજોપચારમાં ગણાય છે. તેના પૂજનમાં આધ્યાત્મિક અને આરોગ્યનો ઉત્તમ સમન્વય લાભપ્રદ છે. મોટા યજ્ઞ કર્મથી માંડીને ગૃહપૂજા નિત્યપૂજાના ઉપયોગમાં લઈ શકાય છે.પાંચ્ય જન્ય શંખની ઉત્પતિ સમુદ્રમાંથી થયેલ છે. ભગવાન વિષ્ણુના ચતુર્ભુજ ચાર આયુધોમાંના ડાબા હાથે ધારણ કરી ભક્તોનું રક્ષણ કરતા અભય વરદાન આપે છે. ભગવાન શંખ વડે ભક્તોનું રક્ષણ કરે છે. ભગવાન જયારે શંખનાદ કરે છે ત્યારે આસુરી તત્વને ભયભીત કરીને વિનાશ કરે છે. જેમ કે મહાભારતના યુધ્ધમાં ભગવાન શ્રીકૃષ્ણે શંખનાદ કરીને શત્રુઓના ગાત્રોને ધ્રુજાવી દીધા હતા પછી અર્જુનને માટે કામ સરળ થયું. એથી આજે પણ પરંપરાગત મંદિરોમાં આરતી પૂર્વે અથવા આરતી દરમ્યાન શંખધ્વનિ વડે હવામાં રહેલા અસુરો તત્વો તેમજ રોગચાળા વાળા કિટાણુઓથી વાતાવરણ શુધ્ધ કરવામાં આવે છે. એવા કિટાણુઓ શંખનાદથી મૂર્છિત થઈ જાય છે. તેથી વાયુમંડળમાં શુધ્ધ વાતાવરણ બને છે. શંખધ્વનિનું શ્રવણ કરવું એ વાણી માટે મહા ઔષધી છે. તેમજ શંખનાદ કરનારાના ફેફસા અતિ બળવાન થવાથી શ્વાસને લગતા રોગો થતાં નથી. વળી મંદિરો અને કથા મંડપમાં માણસોની ભીડમાં શ્વાસોશ્વાસનું પ્રદુષણ વધી જાય ત્યારે પણ શંખ ધ્વનિ વડે પવિત્ર કરવામાં આવે છે. શંખને પૂજામાં આવશ્યક વિધિ અંગભૂત ઉપકરણ ગણવામાં આવેલ છે.

સન્ ૧૯૨૮માં બર્લિન યુનિવર્સિટીએ શંખ ધ્વનિનું સંશોધન કરીને જાહેર કર્યું કે, શંખનાદ શબ્દ-તરંગોના બેક્ટેરીયા નષ્ટ કરવામાં ઉત્તમ અને સસ્તી ઔષધી છે. આ પ્રતિ સેકન્ડે ૨૭ ઘનફૂટ વાયુ શક્તિનો પ્રદુષિત વાયુને ૧૨૦૦ ફૂટ સુધીના ક્ષેત્રના કિટાણુઓને મૂર્છિત કરવાની શક્તિ ધરાવે છે. વળી શિકાગો **- U.S.A** ના ડૉક્ટર ડી.બ્રાઈને ૧૩ બહેરાઓને શંખ ધ્વનિ વારંવાર સંભળાવીને શ્રવણ શક્તિ જાગ્રત કરવાના પ્રયોગ કર્યા હતા.

ભગવાન શ્રી હરિ વન વિચરણમાં ગોપાલયોગીના આશ્રમના વિસ્તારમાં વસતા પશુપાલકોએ શ્રી હરિને સમર્થ યોગી જાણીને પશુધનને હિંસક પ્રાણીઓથી બચાવવાનો ઉપાય પૂછ્યોઃ ત્યારે દયાળુ નિલકંઠવર્ણીએ સ્વંય શંખ ધ્વનિ કરીને ગોપાલકોના વિસ્તારમાં આવતાં હિંસક વાઘ, સિંહ આદિ પ્રાણીઓથી જાન બચાવવા શંખનાદ કર્યો. ત્યાર પછી ગોપાલકો શંખનાદ કરીને ગૌધન સુરક્ષિત બન્યું.

શંખના અનેક પ્રકાર છે. તેમાં મુખ્ય દક્ષિણાવર્તી એટલે જમણો, બીજો વામાવર્તી એટલે ડાબો. બન્નેમાં દક્ષિણાવર્તી શ્રેષ્ઠ માનવામાં આવે છે. વળી લક્ષ્મી શંખ પણ ત્રીજો પ્રકાર છે. તેમાં તમિલ અને શ્રીલંકન શંખનો અલગ પ્રકાર માનવામાં આવે છે. પરન્તુ બધા જ શંખોમાં આધ્યાત્મિક અને આરોગ્યનો સમન્વય રહ્યો છે. આપણા ઋષિઓએ શંખની વિશેષતા બાબતે ખૂબજ ઉંડાણથી

સંશોધનો કર્યા છે. માણસના જીવનમાં ઉપયોગી મુદ્દાઓ પ્રકાશિત કર્યા છે.

મોટા દક્ષિણાવર્તી શંખમાં રાત્રે સૂવાના સમયે પાણી ભરીને રાખવો. સવારે ડોલ ભરેલ પાણીમાં ભેળવીને સ્નાન કરવાથી ચર્મ રોગમાં રાહત થાય છે. પેટના રોગમાં બાર કલાક શંખમાં રાખેલ પાણીનું દરરોજ એક ચમચી નિત્ય સેવન કરવુ. શંખમાં નર-માદા (શંખ-શંખલી)ની જોડ પણ હોય છે. નર-માદાની જોડ રાખીને પૂજા કરી શકાય છે. તે સર્વોત્તમ ગણાય છે. જોડને એક શંખ માનવામાં આવે છે. માત્ર દક્ષિણાવર્તી શંખની પૂજા થાય છે. તેમા આવાહન મંત્રો દ્વારા કરીને સિધ્ધ કર્યા પછી જ બધા પ્રયોગ કરવા. દક્ષિણાવર્તી શંખને વ્યાપાર સ્થળ ઓફિસમાં પણ રાખી શકાય છે.

શંખની પૂજા કરવાથી માણસના જીવનમાં ઘણી મહત્વની સરળ સહજ સારી અસરો થાય છે. જેમ કે ગર્ભવતી સ્ત્રીને શંખમાં ભરેલું જળ શાલિંગરામના સ્વરૂપનો અભિષેક કરીને જળ પીવાથી જાતક બાળકને કયારેય મૂંગાપણું કે વાણીને લગતા કોઈ પ્રકારના રોગથી મુક્ત જન્મે છે. તેમજ જન્મયા બાદ બોલવામાં અટકતો હોય તો શંખ જળ ચરણામૃત માત્ર ૧-૧ આચમની દિવસમાં બે વાર પિવડાવવાથી ઘણો ફાયદો થાય છે. જળને કીટાણું રહિત કરવાની શક્તિ શંખમાં રહી છે.

ઘર મંદિરમાં શંખ રાખી શકાય છે. પૂર્ણિમાના દિવસે સ્થાપના કરવી,તેમાં જળ ભરેલું રાખવું. પાણી વિના ખાલી શંખ રાખવો નહિ. દિવસમાં બે વાર શંખમાંથી જળ હવામાં ઉડી જશે જેનાથી વાતાવરણને પવિત્ર કરશે. શંખમાં અગ્નિ તત્વ પ્રધાન છે. એટલે ચંદનથી નિત્ય પૂજા કરવી. ચંદનથી સ્વસ્તિક કરવું, અક્ષત ચડાવવા, પાણી વિનાનો ખાલી શંખ અગ્નિ તત્વ ફેલાવે છે.

મંદિર અથવા ઘરમાં આરતી પૂર્ણ થયા પછી શંખ જળનો આરતી પર છંટકાવ કરવો તેમજ અન્ય પૂજા સામગ્રી ઉપર પ્રોક્ષણ જળ છંટકાવ કરવો અને પૂજા રૂમમાં અને શરીર પર પાણીનાં છાંટા નાખવા. શંખને સ્ટેન્ડ અથવા પાત્રની અંદર રાખવો, નીચે મૂકવો નહિ. શંખનું મુખ પોતાના તરફ રાખવું. ધ્વનિ માટે મોટો શંખ પસંદ કરવો. શંખની પૂજામાં એકી સંખ્યા રાખવા (૧-૩-૫ ) શંખનું પૂજન કરવાથી ઘરમાં ધન ધાન્ય સંમ્પતિ અને આરોગ્યમાં વધારો થાય છે. લક્ષ્મીની ઉત્પતિ સમુદ્રમાંથી અને શંખની ઉત્પતિ સમુદ્રમાંથી એટલે શંખ રાખવાથી લક્ષ્મીજી અવશ્ય રહે છે. શંખની ઉર્જા આખા મંદિર અને ઘરને પ્રભાવિત કરે છે.

શંખને ભગવાનની ડાબી બાજુ રાખવો. ચતુર્ભુજ નારાયણ સ્વરૂપ ડાબે હાથે શંખ ધારણ કરે છે. નિર્ણય સિન્ધુ, ધર્મ સિન્ધુ, અગ્નિપુરાણમાં શંખપૂજનની ખૂબ જ ઉંડાણ પૂર્વક માહિતી દર્શાવેલ છે.

આરોગ્ય માટે શંખ મુદ્રા કરવાથી ઘણા ફાયદાઓ થાય છે. નિષ્ણાંત નેચરોપેથી ડોક્ટરોના મતે એલર્જી જેવા હઠીલા રોગ દિવસમાં ત્રણ વાર પાંચ-પાંચ મિનિટ શંખમુદ્રા કરવાથી એલર્જીમાં રાહત થાય છે.

સાચા શંખની પરીક્ષા નિષ્ણાંત પાસે કરાવવી. કેમ કે ઘણા શંખ જેવા દેખાતા છીપલા (લપોડ શંખ) પણ ઘણા બજારમાં વેચાય છે. ઈન્ટરનેટના માધ્યમથી ગુગલ સર્ચથી શંખની વિસ્તૃત માહિતી મળી શકે છે.

સામુદ્રિક શાસ્ત્રના મતાનુંસાર જેના હાથમાં શંખનું પ્રતિક હોય તે સમ્રાટનું લક્ષણ બતાવે છે. અથવા મહાપુરુષનું લક્ષણ બતાવે છે.

## આગામી ઉત્સવો

જેઠ વદ-૧૨ ગુરુવાર તા. ૪-૭-૨૦૧૩ શ્રી સ્વામિનારાયણ મંદિર વડનગર પાટોત્સવ.

અષાઢ સુદ-૪ શુક્રવાર તા. ૧૨-૭-૨૦૧૩ શ્રી સ્વામિનારાયણ મંદિર અયોધ્યા પાટોત્સવ.

અષાઢ સુદ-૧૫ સોમવાર તા. ૨૨-૭-૨૦૧૩ ગુરુ પૂર્ણિમા શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ કાલુપુરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું ગુરુ પૂજન.



# અક્ષર મૂર્તિ યોગીવર્ય ગોપાળાનંદ સ્વામી

- શાસ્ત્રી હરિજીવનદાસ (મહંતશ્રી સ્વા. મંદિર હિંમતનગર)

अनुप ईडर देशमां धन्य धन्य टोडला गाम ।

धन्य धन्य द्विवजनी जातिने, ज्यां उपन्या भक्त अकाम ॥

યોગીવર્ય અક્ષરમૂર્તિ ગોપાળાનંદ સ્વામીનો જન્મ થયો ત્યારે મોતીરામ ઠાકરના ઘરની આગળ દુદુંભિ વાગતા હતા. દેવો પુષ્પની વૃષ્ટિ કરતા હતા. અને જયજયકાર કરતા હતા. એ વખતે આકાશવાણી થઈ કે, મોતીરામને ઘેર જે બાળકનો જન્મ થયો છે તે મહા સમર્થ છે. અને ધરતી ઉપર ધર્મની સ્થાપના કરશે. હજુ તો ખુશાલ ઘોડિયામાં સૂઈ રહ્યા હતા એ વખતે એક નાગે ઘોડિયામાં બાળકના મુખ ઉપર ફણા ચડાવીને છત્રછાયા કરી હતી. ત્યાં માતા જીવીબાએ બૂમ પાડતા આડોશી-પાડોશી ભેગા થઈ ગયા. જોયું તો સાપ અદશ્ય થઈ ગયેલો અને ખુશાલ હસતા હસતા જમણા પગનો અંગૂઠો ધાવતા હતા.

### બાળપણના ભેરૂ શામળિયાજી

ખુશાલ ભટ્ટનું બાળપણ એટલું બધું મધુર હતું કે સ્વયં શામળાજી ભગવાન બાળક બનીને તેમની સાથે રમવા જતા. એક દિવસે જીવીબા બારી પાસે કચરો સાફ કરવા ગયાં તો ત્યાં શામળાજી ભગવાનના સોનાના ઝાંઝર, કુંડળ, રૂપાની લાકડી નવેરીમાંથી મળી આવ્યું. એ બધું સોનીને બતાવતા, સોનીએ દાગીના ઓળખીને કહ્યું કે આ તો શામળીયા ભગવાનના છે. સાચવીને પટારામાં મૂકી રાખો. ઘેર આવીને દાગીના પટારામાં મૂકીને માતા ખુશાલને મારવા તૈયાર થયા તો ખુશાલે કહ્યું કે - ''એ તો મારા મિત્રના છે, એ ગાંડો ભૂલી ગયો છે.''

પેલી બાજુ શામળાજી મંદિરમાં પૂજારી ઉપર ચોરીનો આરોપ મૂકાયો. ત્યાં મંદિરમાંથી ગેબી અવાજ આવ્યો કે, ''ટોરડામાં મારા મિત્ર ખુશાલને ઘેર રમવા ગયો હતો, દાગીના ત્યાં ભૂલી ગયો છું, તે ઘરેણાં લેતા આવો.'' એવામાં ફરીથી અવાજ આવ્યો કે 'તમે મંગળા આરતીમાં શંખ વગાડીને જલ્દી દરવાજો ઉઘાડ્યો એટલે મારે ટોરડાથી ભાગવું પડ્યુ અને મારો ખેસ અને શાલ ભાગલી નાળમાં ઝાડની ડાળે ભરાઈ ગયાં છે. અને મેશ્વો નદીના નાગધરામાં ચાખડી પડી છે તે પણ લેતા આવજો. આ બધો વાંક પૂજારીની ઉતાવળનો છે, એમાં હું શું કરું ?' પૂજારી અને બારોટ બંને ટોરડા ખુશાલને ઘેર ગયા ટોરડાથી દાગીના વગેરે વસ્તુઓ લઈને પાછા ફર્યા. આ દિવ્ય ઘટના શામળાજી મંદિરને ચોપડે પણ આલેખાયેલી છે.

### ઘનશ્યામ જન્મોત્સવની પ્રથમ ઉજવણી

ટોરડામાં રાધાકૃષ્ણ દેવના મંદિરમાં રામનવમીનો ઉત્સવ ધામધૂમથી ઉજવાયો. બીજા દિવસે ખુશાલે બધા

બાળમિત્રનો ભેળા કર્યા. ઘરમાં આવ્યા અને કહ્યું કે, આ મોટી કોઠીમાં ગોળનું મોટું માટલુ છે તે આપણે કાઢીએ. અત્યારે ઘરમાં કોઈ હાજર નથી એટલે સારો લાગ છે. ત્યારે કુબરે સોની બોલ્યો કે આ કોઠી તો ચાર-પાંચ હાથ ઉંચી છે. એમાંથી માટલું કઈ રીતે કઢાય ! આ તો મોટા માણસથીય નીકળે એમ નથી... ખુશાલે કહ્યું કે, મિત્રો જરા બહાર જઈને જુવો કે મારી બા આવે છે કે નહી ? છોકરાંને બહાર મોકલીને ખુશાલે હાથ લાંબો કરીને કોઠીમાંથી ગોળ ભરેલું માટલું કાઢ્યું. આ જોઈને કુબેર બોલી ઉઠ્યો, અલ્યા ખુશાલ, તે તો ભૂતની જેમ જબરો હાથ લાંબો કર્યો !

આ સાંભળીને ખુશાલે કુબેરના ખભે હાથ મૂક્યો એટલે કુબેર આ ભૂલી ગયો. ગોળનું માટલું બાળકો પાસે ઉંચકાવીને મંદિરમાં લઈ ગયા. બાળકોને ગોળનો પ્રસાદ વહેંચીને ધૂન કરાવી કે ''ધર્મ ઘેર આનંદ ભયો, જય બોલો ઘનશ્યામ કી -'' ખુશાલ ભટ્ટને અતિ આનંદ થયો કે ભગવાને અમોને કોલ આપ્યો હતો તે મુજબ પ્રગટ થયા ખરા ! મંદિરમાં ખૂબ જયજયકાર કર્યો. એટલામાં અચલેશ્વર મહાદેવથી દર્શન કરીને સૌ ઘેર આવી પહોંચ્યા. તરત જ કુબેરે જીવીબા આગળ ચાડી ખાધી કે ખુશાલે કોઠીમાંથી ગોળ કાઢીને બાળકોને વહેંચી દીધો છે. જીવીબાએ ખુશાલને પકડ્યો કેમ, અલ્યા ગોળ વહેંચ્યો ? ખુશાલ કહે - ''મા, કુબેર જુઠું બોલે છે, રમતાં રમતાં અમારે કજીયો થયો છે એટલે માર ખવડાવવા જુઠું બોલે છે. અમારા હાથ કોઠીમાં કઈ રીતે પહોંચી શકે ?'' ખુશાલની વાત સાચી માનીને જીવીબાએ ઘેર આવીને જોયું તો કોઠીમાં ગોળનું માટલું ભરેલું જ હતું. ખુશાલે કહ્યું કે મા, વાસુદેવ ભગવાન ગઈ રાત્રે છપૈયામાં પ્રગટ થયા. અલ્યા ગાંડા, ગઈ રાત્રે તો રામ પ્રગટ થયા, માતાએ ભાર દઈને કહ્યું.

પછી ખુશાલે કહ્યું કે અયોધ્યા પાસે છપૈયામાં ઘનશ્યામ પ્રભુનો જન્મ થયો છે. ઠીક થયો હશે. માએ સૂર પુરાવ્યો.

ખુશાલ ભાઈએ માત્ર ૨૦ મહિનામાં જ કાશી ખાતે વેદવેદાંતનો અભ્યાસ કર્યો. વિદ્યાભ્યાસ પછી તીર્થયાત્રા કરતાં કરતાં સંવત ૧૮૫૫ જેઠ સુદ-૧૧ ના બદ્રિનારાયણ પહોંચ્યા. ત્યાં ખુશાલભાઈ અને નીલકંઠવર્ણીનું સૌ પ્રથમ મિલન થયું.

### ટોરડાની નિશાળ

કાશીમાં વિદ્યાભ્યાસ અને તીર્થયાત્રા કરીને આવ્યા પછી ટોરડામાં નિશાળ ચાલું કરી. ખુશાલજી નિશાળમાં બાળકોને નામું, લેખા, હિસાબી જ્ઞાન, જ્યોતિષ, કર્મકાંડ વગેરે ભણાવતા. અભ્યાસની સાથે સાથે બાળકોને સમાધિ પણ કરાવતા, એક દિવસ ગૌરીશંકર રાવલને સમાધિ કરાવીને ક્ષીરસાગર મોકલ્યો. તેમને અચેતન જોઈને માબાપ તથા સગાઓ ચિંતા કરવા લાગ્યા કે એકાએક આને શું થઈ ગયું ! આ મરી ગયો કે શું ! હલાવ્યો હલે નહી એટલે ખુશાલને પૂછ્યું, જુવોને અમારા ગૌરાને શું થયું છે? તેને સાપ કરડી ગયો છે કે શું ? ખુશાલ ભટ્ટે કહ્યું, તમે આઘા ખસજો, અમે જોઈએ છીએ. એટલું કહીને ખુશાલ ભટ્ટે કહ્યું અલ્યા ગૌરા, કેમ ઉંઘી ગયો છે ? એમ કહીને હાથ પકડીને બેઠો કર્યો. ગૌરીશંકર તો રોવા માંડ્યો. હે ગુરુ, તમે મને શા માટે બોલાવ્યો ? હું તો ક્ષીરસાગરમાં શેષશાયી ભગવાનનાં દર્શન કરતો હતો. એમ બોલીને પશ્ચાતાપ કરવા લાગ્યો. પછી ક્ષીરસાગરમાં ભીનો થયેલો રૂમાલ નીચોવી દીધો. એ જળ ત્યાં આવેલા સૌ માણસોને ચમચી-ચમચી જેટલું પ્રસાદીરૂપે વહેંચ્યુ. એ પ્રસાદી પીનારાઓને તથા ગૌરીશંકરને કેટલાય દિવસો સુધી ટોરડાનું પાણી જ ભાવ્યું નહી. જળ લેનારા બધા પાપ રહિત થયા.

### અનોખી ગણેશ પૂજા

બુઢેલીના કિનારે ભૂલેશ્વર મહાદેવનું દહેરું છે. એકવાર ગણપતિ ચોથના દિવસે ખુશાલ ભટ્ટે કહ્યું, મા, આજે હું ગણેશ પૂજા કરીશ. તો દશ શેર લોટના ૧૦ લાડું બનાવજો. પણ જીવીબાએ કરકસર કરીને સવાશેરના પાંચ લાડુ બનાવ્યા. મહાદેવજીના મંદિરમાં જઈને થાળ મૂક્યો. ત્યાં ગણપતિએ પોતાની સૂંઢ વડે બે લાડું શિવજી પાસે અને બે લાડુ પાર્વતી પાસે મૂક્યા તે બંને જમી ગયા.

એક લાડુ નંદીના મુખમાં મૂક્યો. પછી ગણેશજીએ તાળી વગાડી બે હાથની પોશ ધરી પોતાના માટે લાડુ માગ્યા. એટલે ખુશાલ ઘેર આવ્યા.

માતાને કહ્યું, મા, આપણી ગાય માટે લીલું લીલું ઘાસ કાપી લાવોને. જીવીબા બહેનો સાથે વગડામાં ઘાસ કાપવા ગયા. એ સમયનો લાભ ઉઠાવીને ઘરમાં દશ-બાર શેર લોટ લઈને મિત્રોની મદદથી લાડુ બનાવી કાઢ્યા પછી ગણપતિ આગળ થાળ ધર્યો. ગણપતિ હસ્યાં. સૂંઢમાં લાડુ લઈને ફટાફટ મુખમાં મૂકી દીધા. પ્રસાદીના પાંચ લાડુ રહેવા દીધા. જ્યારે ખુશાલે ઘેર જઈને બનેલી હકીકત કહી તો સૌને આશ્ચર્ય થયું. માતાએ ધીરે રહીને કહ્યું બેટા, ગણપતિ તો કાંકરી ગોળથીય રાજી થાય. આપણે જવના રોટલા અને ચીલની ભાજીથી દહાડા કાઢીએ છીએ. દેવ તો ભાવનાના ભૂખ્યા છે. આ ચમત્કારી ગણેશ મંદિર આજે પણ બુઢેલીને કિનારે છે.

### વાઘને શાકાહારી કર્યો

એકવાર ઈડર બાજુથી એક વાઘ ભૂલેશ્વર મહાદેવના દહેરા સુધી પહોંચ્યો ! વાઘના ભયથી ડરીને ટોરડા વાસીઓ ઘરમાં પેસી ગયા. ગામમાં એક દશ વર્ષના બાળકને વાઘે મારી નાંખ્યો. છોકરાનો બાપ મરણીયો થઈને છોકરાનું મડદું લેવા ગયો. ખુશાલ ભટ્ટે તેમને રોક્યા. ભટ્ટજી પોતે વાઘ પાસે જઈને તેના મોઢા ઉપર જોરથી થપ્પડ મારી એટલે વાઘ લથડિયું ખાઈને પડ્યો. મૂર્છામાંથી બેઠો થઈને તેણે ખુશાલભાઈને પાંચ પ્રદક્ષિણા કરી.

ખુશાલે તે વાઘનો કાન ઝાલીને કહ્યું કે એક બ્રહ્મહત્યા અને બે ગૌહત્યા કરી છે. તે પાપમાંથી હું તને છોડાવું છું. હવેથી તારે જીવપ્રાણી માત્રની હિંસા ન કરવી. દિવસે ઝાડીમાં રહેજે અને ફળફૂલથી ગુજરાન ચલાવજે. જે દહાડે કાંઈ ખાવા ન મળે તે દિવસે ગામમાં આળોટીને લોકોને પેટ દેખાડજે. એટલે ગામવાળા તને રોટલા આપે તે ખાઈને જતો રહેજે. આ રીતે ત્રણ વર્ષ તું જીવીશ. પછી તને ઘોડાનો અવતાર આવશે. તને પ્રગટ ભગવાનના દર્શન થશે. આ આજ્ઞા મુજબ વાઘ ત્રણ વર્ષ જીવ્યો. છેલ્લી ક્ષણે ભૂલેશ્વરના દહેરા આગળ નમસ્કાર કરીને તે મરણ પામ્યો.

### તુલસી માતાનો મહિમા વધાર્યો

ચાતુર્માસમાં ભગવાન વિષ્ણુની પૂજા કરવા માટે તુલસી પત્રની બહુ અગવડ હતી. એટલે ગામમાં પૂજાપ્રેમી બ્રાહ્મણે ખુશાલને તુલસી માટે કાકલુદી કરી. ખુશાલજીએ તુલસીના માંજરો ચોળીને એક જ રાતમાં મોટું તુલસીવન ઉગાડી દીધુ ! એ વખતે ગામના મુસલમાનોએ વાંધો ઉઠાવ્યો કે તમે તુલસીવન વાવીને ભાગોળે જવાનો રસ્તો બંધ કર્યો. બ્રાહ્મણોએ કહ્યું કે ભૂલેશ્વર મહાદેવના દહેરા પાછળના રસ્તાનો ઉપયોગ કરો. આ તુલસી તો ભગવાનની પૂજા માટે ખુશાલ ભટ્ટે વાવી છે. તેમ છતાં ગુસ્સામાં જેમ તેમ બોલવા માંડ્યા કે, તુલસીને ઉખાડી નાંખો નહી તો અમે ઉખાડીએ. બ્રાહ્મણોએ ખુશાલને વાત કરી તો તેઓ એટલું બોલ્યા, ભગવાનનું ભજન કરો.

બીજી બાજુ, મુસલમાનો ભેગા થઈને ડાંગો ને લાકડીઓ લઈને રાત્રે ઉપડ્યા. તુલસીના છોડોને લાકડીઓથી ઝૂડવા જ માંડ્યા. મોટા છોડ વચ્ચેથી ફાંસીને બધા ઘેર ગયા તો આશ્ચર્ય જોયું ! બૈરા-છોકરાં રડારોળ કરતાં હતાં. કોઈના હાથ-પગ, કોઈના માથાં, કોઈના ખભા, ફાંસી નાખેલા. બધા લોહીલુહાણ ને મડદાં જેવા થઈને પડેલા. ગજબ થઈ ગયો ! આ શું થયું.... ! બૈરા-છોકરાં રડતાં રડતાં કહે તમે પાપીઓએ ડાંગો અને લાકડીઓથી અમારી આ દશા કરી છે, હાડકાં ભાંગી નાંખ્યા છે. તમે અમારા કુટુંબી છો કે દુશ્મન ? આખરે તેમને ભાન થયું કે આપણે તુલસી માતાને ઝૂડી કાઢ્યા તે બધો જ માર આપણા કુટુંબીઓને પડ્યો. મોટા પુરુષનો અપરાધ કરે અને દિવ્ય વનસ્પતિને ઝૂડનારને આવી જ શિક્ષા થાય છે આ લોકમાં અને પરલોકમાં.

### અમાપ ઐશ્વર્ય

ખુશાલ ભટ્ટે ટોરડામાં અસંખ્ય પરચાઓ પૂર્યા છે. જેનો લખતાં પાર ન આવે. ઈડરના રાજા ગંભીરસિંહે બ્રાહ્મણો ઉપર વેરો નાંખ્યો. રાજા સાનમાં ન સમજતાં ખુશાલ ભટ્ટે સમગ્ર રાજપરિવારના મળમૂત્ર બંધ કર્યા.

આખરે તે શરણમાં આવ્યો. ખુશાલ પાસે પુત્ર પ્રાપ્તિ માટે આશીર્વાદ માગ્યા. ખુશાલ ભટ્ટે કહ્યું તારે ત્યાં પુત્રનો જન્મ થશે અને રાજમહેલના ઝરૂખામાંથી દર્શન થઈ શકે એવું સ્વામિનારાયણ મંદિર પણ બનાવશે. આ આગાહી અક્ષરસઃ સાચી પડી. ખુશાલ ભટ્ટે ટોરડામાં અગણિત પરચાઓ પૂર્યા છે. વરસાદ વરસાવી દુઃખી ખેડૂતોને સુખી કરેલા. દુકાળના વર્ષોમાં લોકોને અમૃત જેવું ભોજન જમાડ્યું. પહાડ ઉપર ધારેશ્વર મહાદેવ ખાતે તપ કર્યું. શ્રીજી મહારાજ અચલેશ્વર મહાદેવમાં દિવ્ય સ્વરૂપે પધારીને ખુશાલ ભટ્ટને સત્સંગમાં લાવ્યા. સત્સંગમાં શ્રીજી મહારાજે તેમને દીક્ષા આપી. ગોપાળાનંદ સ્વામી નામ આપ્યું. વડોદરામાં તેઓએ નાનાથી લઈને મોટા અધિકારીઓ, રાજપરિવાર સુધ્ધાંને સત્સંગ કરાવ્યો. સારંગપુરના સૌના દુઃખ હરનાર હનુમાનજીની પ્રાણ પ્રતિષ્ઠા તેઓએ કરી હતી. નાડી-પ્રાણ અને હૃદય બંધ કરીને સુંદરીયાણાના હેમરાજ શાહને તેઓએ શ્રીહરિનો નિશ્ચય કરાવ્યો. વડોદરામાં ગરીબ બ્રાહ્મણને બચાવવા ચંદ્રગ્રહણ અટકાવ્યું. એકવાર શ્રીજી મહારાજે ગોપાળાનંદ સ્વામીને પૂછ્યું સ્વામી, તમારી શક્તિ કેટલી?

ગોપાળાનંદ સ્વામીએ કહ્યું કે મહારાજ જો તમારી આજ્ઞા થાય તો હું આ સમગ્ર બ્રહ્માંડનું એકલા હાથે સંચાલન કરી શકું. આવા મહાપ્રતાપી શ્રીહરિના જમણા હાથ સમા ગોપાળાનંદ સ્વામીને શ્રીજી મહારાજે સ્વધામ પધારતા પહેલાં બંને ગાદીના આચાર્યશ્રીઓના હાથ તેમને સોંપ્યા. આખા સત્સંગનું ધ્યાન રાખવાની શ્રીહરિએ તેમને ખાસ ભલામણ કરી. શ્રીજી મહારાજનાં અંતર્ધાન થયા પછી ગોપાળાનંદ સ્વામીએ સંપ્રદાયની રીતિ, નીતિ, પ્રાર્થના, વગેરેને વ્યવસ્થિત ઓપ આપ્યો. યોગીવર્ય ગોપાળાનંદ સ્વામી સંપ્રદાયનું આજે પણ અખંડ ધ્યાન રાખી રહ્યા છે. ટોરડામાં તેઓએ અઢાર વર્ષ સેવા પૂજા કરેલી તે ગોપાળલાલજી હરિકૃષ્ણ મહારાજના સ્વરૂપો અતિ ચમત્કારી છે. લાખો ભક્તાત્માઓના સંકલ્પો અહી પૂર્ણ થાય છે અને ટોરડામાં બિરાજતા ગોપાળાનંદ સ્વામીની ચિત્રપ્રતિમા માત્ર ફોટો નથી. પરંતુ હાજરાહજુર ગોપાળાનંદ સ્વામી સ્વયં છે. જેનો અનુભવ માત્ર સંતો-હરિભક્તોને જ નહી પરંતુ બિનસત્સંગીઓને પણ થયેલો છે.

ટોરડામાં ઉજવાયેલ ષષ્ઠિપૂર્તિ મહોત્સવ તથા ગોપાળાનંદ સ્વામીની ૨૩૨ મી જન્મ જયંતીના ફલશ્રુતિરૂપે ગામમાં ખૂબ સત્સંગ અને સેવાભાવના વધી છે. તથા બંને ગાદીના વધુને વધુ સત્સંગીઓ ટોરડાની યાત્રા કરતા થયા છે. તે અતિ દિવ્ય લાભ થયો છે. આ મંદિરમાં દેવ આગળ હજારો હરિભક્તોના સંકલ્પો અને બાધાઓ ફળીભૂત થાય છે. ખરેખર, ટોરડાધામના વિકાસથી પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા સંતો-હરિભક્તો ખૂબ રાજી થયા છે.

**શ્રી સ્વામિનારાયણ માસિકમાં છાપવા માટે લેખ, સમાચાર અને ફોટોગ્રાફ્સ ઈમેલથી મોકલવા માટે એડ્રેસ**
shreeswaminarayan9@gmail.com

**શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ**
www.swaminarayan.info
www.swaminarayan.in
**ભારતીય સમય મુજબ આરતી દર્શન :** મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫
● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૯-૧૫ ● શયન આરતી ૨૦-૩૦

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી

સંવત ૧૯૧૬ ના વરખે અસાડ વદી ૧૧ વાર સને તારીખ ૧૪ માહે જુલાઈ સન ૧૮૬૦ ઈસ્વી દીને શ્રી સ્વામીનારાઅણ ગાદીના આચારજ શ્રી અયોધાપરસાદજી હરિકૃષ્ણજી મહારાજ પારસાત જોગ લખીતંગ અમીન ગોકલભાઈ હરિભાઈ તથા ભાઈ ગોવંનભાઈ હરિભાઈ રહેવાસી મોજે અસલાલી પ્રગણે દસકરોઈના ગામના જત અમારા બાપ હરિભાઈ વરજભાઈને જમીન સહેર અમદાવાદમાં ચકલે ચોડના દરવાજે નવા વાસના પાસેની પડતર જમીન માજી કાલેકટર વઈવટ સાહેબે સંવત ૧૮૮૯ ની સાલમાં આપી હતી તે જમીન અમારા બાપે તમને બકસીસ આપી તેનું ખત સરકારી ખત તમને સોંપેલું છે. તે સાદા કાગલ ઊપર લખી આપેલુ તે જમીનના ખુંટની વીગત દક્ષીણ તરફ તમારા ઘરનો કરો છે તથા પશ્ચિમ દીસા ત્રફ રાજમારગ છે તથા પુરવ દીસાએ શ્રી નરનારાઅણ દેવનું મંદિર છે તથા ઊત્તર દીસાએ તમારી હવેલીનો કરો છે એ રીતે ચાર ખુંટવાલી જમીન અમારા બાપે તમોને બકસીસ આપેલી તેનું ખત તમારી પાસે ઘેરવલે પડું છે તેથી આજરોજ ઊપર લખેલી ખુંટવાલી જમીનનો આ સરકારી કાગલ ઊપરનો દસ્તાવેજ લખી આપીએ છીએ જે એ જમીન ઊપર તમારી નજરમાં આવે તે રીતે ઈમારત કરી તમારા વંશ પરંપરા વાવરો તેમાં અમારો કંઈ દરદાવો નથી. માટે આ દસ્તાવેજ લખી આપો છે તે સહી છે.

| | |
|---|---|
| ૧. અતર મત | ૧. અતર સાખ |
| ૧. અમિન ગોકલભાઈ હરિભાઈ | ૧. પા. હીરા.... |
| ખતુ દા. પોતાના | ૧. પા. |
| ૧. પા. ગોવિંદભાઈ હરિભાઈ | ૧. લા... પા. હરગોવન બહેચરદાસ ધણી |
| દા. પોતાના | બે હજૂર લખુ છે |

પ્રસાદીનો આ પત્ર શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં હરિભક્તોના દર્શનાર્થે હોલ નં. ૯ માં પધરાવવામાં આવ્યો છે. સર્વે હરિભક્તો તે દર્શનનો લાભ લેજ્યો.

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - મે-૨૦૧૩

| | |
|---|---|
| રૂા. ૧,૬૨,૦૦૦/- | અ.નિ. અમૃતભાઈ નરસિંહભાઈ પટેલ હ. ગં.સ્વ. ગૌરીબેન અમૃતભાઈ પટેલ - મણીનગર |
| રૂા. ૫૦,૦૦૦/- | જીવણભાઈ ત્રિભોવનદાસ ઈટાદરાવાળા - હ. ગોરધનભાઈ |
| રૂા. ૩૩,૩૦૦/- | હજુરી પાર્ષદ કનુભગત ગુરુ હજુરી પાર્ષદ વનરાજ ભગત - સ્વા. બાગ મેમનગર |
| રૂા. ૩૧,૦૦૦/- | શ્રી સ્વામિનારાયણ મંદિર - દેવપુરા શતાબ્દી મહોત્સવ નિમિત્તે |
| રૂા. ૧૧,૧૧૧/- | ન્યુ પટેલ સાયકલ રિપેરીંગ વર્કસ - અરવિંદભાઈ ભલાભાઈ પટેલ, દહેગામ |
| રૂા. ૧૧,૦૦૧/- | અ.નિ. ઈશ્વરદાસ જોઈતારામ હરિદાસ પટેલ - વિહાર હ. સોમદાસ ઈશ્વરદાસ |
| રૂા. ૧૧,૦૦૦/- | ધીરજભાઈ કરશનભાઈ પટેલ - અમદાવાદ |
| રૂા. ૫,૦૦૦/- | લીલાબેન ગોરધનભાઈ પટેલ - ઓઢવ |
| રૂા. ૫,૦૦૦/- | ડૉ. હરિકૃષ્ણભાઈ ગોકળભાઈ પટેલ - સાપાવાડા |

### શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી - મે-૨૦૧૩

તા. ૦૫-૦૫-૧૩ પ.ભ. અમરસિંહભાઈ લવજીભાઈ પટેલ - નારણપુરા

તા.૧૨-૦૫-૧૩ પ.ભ. કરશનભાઈ કે. રાઘવાણી- મેમનગર

તા.૨૮-૦૫-૧૩ પ.ભ. પ્રિયાંકકુમાર દેવશીભાઈ પટેલ -છાદલી

તા.૨૮-૦૫-૧૩ પ.ભ.ઘેલાભાઈ નરસિંહભાઈ પરિવાર હ. કાનજીભાઈ તથા ચતુરભાઈ પટેલ - ગવાડા

### નીચેના મહામંદિરોમાં નિત્ય દર્શન માટે

**જેતલપુર : www.jetalpurdarshan.com**
**મહેસાણા : www.mahesanadarshan.org**
**છપૈયા : www.chhapaiya.com**
**ટોરડા : www.gopallalji.com**
**નારણઘાટ : www.narayanghat.com**
**વડનગર : www.swaminarayanmandirvadnagar.com**
**પ્રયાગ : www.prayagmilan.org**
**અયોધ્યા : www.ayodhyaswaminarayanmandir.com**

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન (ફક્ત વોડાફોન ધારકો માટે)**

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.**

**મોબાઈલમાં ct>સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલ:- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
**www.swaminarayanmuseum.org/com ● email: swaminarayanmuseum@gmail.com**





# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી
(ગાંધીનગર)

## મોક્ષદાતા મહારાજ

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

''હું તો અડધી રાત્રે દોડું રે ભક્તોને કાજે
સુખ મારા સર્વે છોડું રે ભક્તોને કાજે.''

ભગવાન પોતાના ભક્તોને માટે સર્વ કાંઈ કરવા તત્પર હોય છે. ચાહે તેટલાં કષ્ટ પડે તો સહન કરવા તૈયાર હોય છે. પોતે લીધેલી ટેક ભક્તોને માટે તોડવા તૈયાર થઈ જાય છે. જો કે મહાભારતમાં શ્રીકૃષ્ણ ભગવાને ટેક લીધેલી કે હું હથિયાર નહીં લઉં. પ્રભુની ટેક તોડાવવા માટે ભીષ્મ પિતાએ શ્રીકૃષ્ણ પ્રભુ ઉપર અસંખ્ય બાણ વર્ષા કરી. તેમ છતાં પ્રભુએ હથિયાર લીધું નહિ. પરંતુ જ્યારે પોતાના ભક્ત અર્જુન ઉપર ભીષ્મપિતાએ શક્તિ પ્રહાર કર્યો એટલે તરત જ પ્રભુએ હાથમાં રથનું સ્પેર વ્હીલ સુદર્શન ચક્રની જેમ ધારણ કરી લીધું અને અર્જુનની રક્ષા કરી. આમ ભગવાન પોતાના સંતો માટે, ભક્તો માટે પોતાનું ઐશ્વર્ય ભૂલી જઈને તેમનાં સુખ માટે પ્રયાસ કરે છે.

વાત એમ છે કે સ્વામિનારાયણ ભગવાન પોતાના સંતો-ભક્તોની સાથે સૌરાષ્ટ્રથી નીકળીને ગુજરાતના ઢંઢાવ્ય દેશમાં વિચરણ કરવા, ભક્તોને સુખ દેવાં પધારી રહ્યાં હતાં. વિ.સં. અઢારસોને છોત્તેરની એ સાલ હતી. પ્રભુ સૌરાષ્ટ્રથી ગુજરાત આવતાં વચ્ચે અનેક ગામોમાં ભક્તોને દર્શન સુખ આપતાં આપતાં ઉત્તર ગુજરાતના કલોલ ગામે પધાર્યા. ત્યાંથી શેરથા થઈ ડાંગરવા પધાર્યા. ત્યાંથી કરજીસણ, વડુગામ થઈ ઓળાના ભક્તોને ઉભા ઉભા દર્શન દઈ ચાલ્યા તે મોટી આદરજ પધાર્યા. ત્યાં અન્નકૂટનો મહા મોટો મહોત્સવ કરી ત્યાંથી કોલવડા ગામ થઈ ઉનાવા પધાર્યા. ત્યાંથી નારદીપુર, માણસા થઈ વિહારગામ પધાર્યા. ત્યાંથી શ્રીહરિના પાર્ષદ ડુંગરજી ભક્તનું ગામ ગેરીતા થઈને બામણવા ગામે પધાર્યા.

આપણે આજે જે વાત કરવી છે તે આ બામણવા ગામની છે. ગામના ભાવિક ભક્તોએ ઘેર ઘેર ભગવાનને પધરાવી પૂજા કરી. સંતોની પૂજા કરી પછી ગામની બહાર આવીને બધાએ ઉતારો કર્યો અને શ્રીહરિ જમ્યા પછી સંતોને જમવા બેસાડ્યા.

સાંજનો સમય હતો. ગામના સહુ ભાવિકો સાંજે ભેંસો દોહીને જે કોઈ દૂધ લાવ્યા હશે તે શ્રીહરિએ સંતોને પીરસ્યું. બરાબર એ જ સમયે બાજુમાં એક પાટીદારનું ઘર હતું. એને ત્યાં ચાર-પાંચ ભેંસો હતી. એક બહેન ભેંસો દોહતી હતી. તે મુમુક્ષુ જીવ હતી. તેના આત્માનું કલ્યાણ કરવા માટે પરમાત્મા શ્રીહરિ તેની પાસે પહોંચ્યા. અને ખૂબજ હેતથી તે બાઈને કહેવા લાગ્યા કે હે બહેન ! અમે કાંઈ વારે વારે તમારા ગામમાં આવવાનાં નથી. આ તો આજે આવ્યા છીએ અને કાલે ચાલ્યા જવાના. અને તમે જુઓ આ અમારા સંતો તમારી બાજુમાં જ - એમ કહીએ છીએ કે તમારા ઘરના બારણામાં જ જમવા બેઠા છે. તોય ચાલે. એટલે અમે તો તમારા મહેમાન કહેવાઈએ. અને તમારે જેમ બાળક છે તેમ અમારે આ બધાં બાળકો છે. પ્રભુએ સંતો જમતા હતા તેની સામે હાથ લાંબો કર્યો. માટે આ બધું દૂધ તમે અમને આપી દો. એટલે તરત પીરસી દઈએ.

''ભીખ માંગને આયા તેરે ઘર,
જગત કા પાલન હારા રે.....''

જગતનો પાલનહાર આજે પોતાના સંતો માટે એક

બહેન આગળ જાણે કે ભીખ માંગતા હોય તેમ કહેવા લાગ્યા. અને આ બહેન પણ કેવી દૈવી જીવ હશે ! તે પ્રભુના કહેવાથી બધું દૂધ આપી દીધું. પ્રભુએ દૂધ ગાળ્યું અને સંતોને પીરસે તે પહેલાં એ બાઈ બોલી કે મારા દેખતાં, પહેલાં તમે દૂધ પીઓ. અને ભગવાન શ્રીહરિએ દૂધ પીધું. અને પછી સંતોને દૂધ-ભાત પીરસ્યાં. જમી પરવારીને પછી બધા ઉતારે આવ્યા અને કીર્તન-ધૂન્યની રમઝટ ચાલી.

ધન્ય છે એ ધર્મ કુમારને, ધન્ય છે એ બામણવા ગામને, ધન્ય છે એ પાટીદાર બહેનને કે જેણે ભગવાનને ઓળખ્યા અને - તેરા તુજકો અર્પણ - જેણે આપ્યુ છે તેને આપવાનું છે એમ સમજી ભગવાનના વચને દૂધ આપી, જીવન ધન્ય બનાવી પોતાના મોક્ષનું પાકું કરી લીધું.

●

## એકાદશી વ્રતનો મહિમા

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

સુમેધા નામનો કોઈ એક ધર્મિષ્ઠ બ્રાહ્મણ હતો. તેને પવિત્રા નામે પતિવ્રતા પત્ની હતી. પ્રારબ્ધ યોગે બ્રાહ્મણ ખૂબ નિર્ધન હતો. પેટ પૂરતું ખાવા કે પહેરવા વસ્ત્ર પણ ન હતું. તેની પત્ની ભૂખી રહીને પણ પતિને જમાડતી. ઘેર આવેલા અતિથિ સાધુ, સંતને યથાશક્તિ ભાવથી જમાડતી. ઘરમાં અનાજ નથી તેવું કોઈ દિવસ કહેતી નહીં. દુઃખમાં અને ભૂખમાં અતિ દૂબળી થઈ ગયેલી પોતાની પત્નીને જોઈ તેને ઘણું દુઃખ થતું. એક દિવસે તે પત્નિને કહેવા લાગ્યો. આપણું દારિદ્ર દૂર કરવા શું કરવું ? હે કલ્યાણી ! ધનવાનોની પાસે ધન ઘણું છે. માગું છું તો તેઓ આપતા નથી. ધન વિના ઘર કેમ ચાલે ? માટે તું કહે તો ધન કમાવા માટે પરદેશ જાઉં. કહ્યું છે કે કાર્યની સિધ્ધિ ઉદ્યમ વિના થતી નથી.

પતિનાં વચન સાંભળીને ચતુર પત્ની કહેવા લાગી કે પૂર્વજન્મમાં જો દાન કર્યું હોય તો જ આ જન્મમાં તેનું ફળ મળે છે. જેણે પૂર્વજન્મમાં અન્ન, ધન, દાન કશું આપ્યું ન હોય તે ગમે ત્યાં જાય, સોનાના પર્વત ઉપર જાય તો પણ તેને કંઈ મળતું નથી. માટે પૂર્વે મેં અથવા તમે સત્‌પાત્રને કાંઈપણ આપ્યું નહિ હોય માટે આપણને કાંઈ મળતું નથી. પ્રયત્ન કરવાથી પ્રભુ થોડું અન્ન આપી દે છે. એમાં ખુશ રહો, ક્યાંય જવું નથી. પત્નીનાં વચન સાંભળીને સુમેધા બ્રાહ્મણ ઘેર જ રહ્યો.

એક દિવસે કૌડીન્ય મુનિ એમના ઘેર આવ્યા. પતિ પત્નીએ તેમને પ્રણામ કર્યા. આસન ઉપર બેસાડી પૂજા કરી. પછી એ બ્રાહ્મણ પત્ની નમ્રતાથી હાથ જોડી પૂછવા લાગી મુનિરાજ ! અમારૂં દરિદ્રપણું દૂર થાય એવો ઉપાય બતાવો. ત્યારે મુનિ વિચાર કરીને કહેવા લાગ્યા કે તમે અધિક માસના કૃષ્ણપક્ષની પરમા (કમલા) એકાદશી જે અતિ ઉત્તમ છે તેનું વિધિપૂર્વક વ્રત કરી ઉપવાસ કરો. રાત્રે જાગરણ કરી ભગવાનનાં કીર્તનો ગાઓ. એવી રીતે આ વ્રત કરવાથી તમે સુખી થશો. અને સાથે સાથે મુનિએ પંચરાત્રી વ્રતનો વિધિ પણ કહ્યો. પરમા (કમલા) એકાદશીથી આરંભી પાંચ દિવસ સુધી એક વખત ભોજન કરી જેઓ બ્રાહ્મણને જમાડે અને પાંચ દિવસ સુધી દરરોજ જળનો ભરેલો ઘડો તલપાત્ર દાનમાં આપે તે આલોક અને પરલોકમાં સુખી થાય છે. કૌડિન્ય ઋષિનાં કહેવાથી બંનેએ આ વ્રત કર્યું. વ્રત પૂર્ણ થયું. ત્યારે રાજ દરબાર તરફથી સમૃદ્ધિથી ભરેલું ઘર દાનમાં મલ્યું અને આજીવિકા માટે એક ગામ રાજાએ આપ્યું.

આમ અધિક માસની પરમા (કમલા) એકાદશીનું વ્રત કરવાથી પંચરાત્ર વ્રતના પ્રભાવથી સુમેધા બ્રાહ્મણ આલોકમાં ઘણું સુખ ભોગવી અંતે વૈકુંઠમાં ગયો.

એકાદશીના વ્રતનો ખૂબ જ મહિમા છે. જે શ્રધ્ધાપૂર્વક એકાદશીઓનું વ્રત કરે છે તે આલોક, પરલોકમાં જરૂર સુખી થાય છે. માટે જ આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાને પોતાના આશ્રિત માત્રને શિક્ષાપત્રીમાં એકાદશીનું વ્રત આદરથી કરવાની આજ્ઞા કરી. અને વચનામૃતમાં પણ એકાદશીના ઉત્પતિની કથા સ્વમુખે વિસ્તારથી કહી સંભળાવી અને સાચું એકાદશીનું વ્રત કર્યું કોને કહેવાય. તે રહસ્ય સમજાવ્યું.

માટે ભગવાનના ભક્તોએ મુમુક્ષુઓએ એકાદશીનું વ્રત જરૂરથી કરવું જોઈએ.

**પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી "પૃથ્વીની રચના શા માટે ? અને આપણે આ પૃથ્વી પર શા માટે ?"**

(સંકલન : કોટક વર્ષાબેન નટવરલાલ - ઘોડાસર)

# ભક્તિસુધા

પરમ કૃપાળુ પરમાત્માની આ સૃષ્ટિની રચનામાં ઉત્પત્તિ, સ્થિતિ અને લય આ ત્રણેય કાર્યોના અધિષ્ઠાતા ત્રિદેવ છે. બ્રહ્મા, વિષ્ણુ અને શિવ. પરમાત્માએ આ રીતે આ સૃષ્ટિની રચના કરેલી છે. જે આપણે બધા જાણીએ છીએ. પરંતુ પરમાત્માની રચેલી આ પૃથ્વી પર આપણે શા માટે આવ્યા છીએ ? અને પરમાત્માએ આ પૃથ્વીની રચના શા માટે કરી છે ? આ બે વસ્તુ ખૂબ મહત્વની છે. તો આપણે આ પૃથ્વી પર અમુક પરીક્ષામાંથી પાસ થવા માટે આવ્યા છીએ. અને દરેક જીવ જીવનની વાસ્તવિકતાને જાણીને પરીક્ષામાંથી પાસ થઈને ભગવાનની શરણાગતિ સ્વીકારી અવિનાશી સુખને મેળવી શકે. એટલા માટે જ આ પૃથ્વીની રચના થયેલી છે. પરમાત્માંએ રચેલી આ પૃથ્વીમાં સામાન્ય માણસ પણ સમજી શકે તેવું સનાતન સત્ય ખીચોખીચ ભરેલું છે. જે આ પૃથ્વી પર જ આપણને સ્પષ્ટ જોઈ શકાય છે ? દરેક જીવને પોતાના કર્મ પ્રમાણે જન્મ-મરણ સુખ-દુઃખ આ બધું મળે છે. અને આવવાનું, રહેવાનું અને જવાનું કોઈ પણ વ્યક્તિના હાથમાં નથી. કોઈને ખબર નથી કે આ દુનિયામાં જન્મ ધરીને ક્યાં આવવાનું છે. અને માણસને જ્યાં જન્મ મળે છે ત્યાં રહેવું પડે છે. એટલે રહેવાનું પણ વ્યક્તિના હાથમાં નથી અને ક્યારે જવાનું છે તેની પણ માણસને ખબર નથી. તેમ છતાં પણ માનવ ઈચ્છે તો પરમાત્માના આ સનાનત સત્યને સમજીને અવિનાશી સુખને મેળવી શકે તેટલી સ્વતંત્રતા પરમાત્માએ દરેક મનુષ્યને આપેલી છે. દ્રઢ ઈચ્છાશક્તિ હોય તો માણસ ગમે તે કરી શકે છે. જો દઢ ઈચ્છાશક્તિ હોય તો કોઈપણ કાર્ય કરતા તમને કોઈ રોકી શકતું નથી. સિવાય કે તમે પોતે પોતાની જાતને રોકો તો વાત અલગ છે. માટે દઢ ઈચ્છાશક્તિથી નિશ્ચય રાખી સમયનું મહત્વ સમજી પરમાત્માનું ભજન કરી લેવાનું છે. સમસ્ત જીવ માત્રનું લક્ષ્ય શું છે ? તો લખચોર્યાસીમાંથી છૂટી ભગવાનના શરણમાં મનને જોડી રાખવું અને શાંતિ ક્યાં છે ? તો ભગવાનના ચરણોમાં છે. તે આપણને બધાને ખબર છે. અને તેના અનુસંધાનમાં વાર્તા પણ છે કે, ભગવાન નારાયણે બધાને બધું વહેંચ્યુ પરંતુ શાંતિ પોતાના ચરણમાં દબાવીને રાખી હતી પછી લક્ષ્મીજી ભગવાનને પૂછે છે કે પ્રભુ આપે આપના ચરણ નીચે શું રાખ્યું છે. તો ભગવાન નારાયણ જણાવે છે કે શાંતિને મારા ચરણ નીચે રાખી છે. જે જીવને શાંતિ જોઈતી હોય તેને મારી શરણાગતિ સ્વીકારવી પડશે અને શાંતિ માત્ર સમુદ્ધિથી નથી મળથી. શાંતિ સારા વિચારોથી સારી સાત્વિકતાથી અને સારી સંપત્તિથી મળે છે. અર્થાત્ નીતિથી કમાયેલા ધનથી મળે છે. તો આ પૃથ્વી પર આવ્યા પછી પરમાત્માના ચરણમાં પોતાનું સ્થાન કાયમ પ્રાપ્ત કરવા માટે પરમાત્માએ બનાવેલા નિયમોમાં રહેવું પડે છે. અને પરીક્ષામાંથી પાસ થવું પડે છે. અને તેના માટે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચાર તત્વોનું જ્ઞાન નિરૂપણ કરવું પડે છે.

(૧) ધર્મ એટલે શું ? ચાર વર્ણ અને ચાર આશ્રમના જે ધર્મ છે તેમાંથી જેને જે લાગુ પડતો હોય તે પ્રમાણે સામાન્ય અને વિશેષ ધર્મનું પોતાના સ્વધર્મ પ્રમાણે જ્ઞાન પ્રાપ્ત કરી તે પ્રમાણે ધર્મમય જીવન જીવવું.

(૨) અર્થ એટલે શું ? તો આપણે આ પૃથ્વી પર જન્મ ધરવાનું પ્રયોજન શું છે ? તેનું કારણ જાણવાનું છે. આપણા જીવનનો હેતુ શું છે ? તેનું જ્ઞાન પ્રાપ્ત કરી તે લક્ષ્ય પ્રમાણે જીવન જીવવાનું છે.

(૩) કામ એટલે શું ? તો આપણને બધાને ખબર છે કે પરમાત્માના ચરણોમાં સ્થાન પ્રાપ્ત કરવામાં કામ, ક્રોધ,

લોભ, મોહ, મદ, મત્સર, ઈર્ષ્યા, અહંકાર આ બધા અવગુણો બાધારૂપ છે. આ જે અવગુણ છે તેની ભાવનામાં વહીને અમુક પરિસ્થિતિમાં આપણા સ્વભાવ પર નિયંત્રણ રહેતું નથી. જેના કારણે જીવન પર્યંત દુઃખ ભોગવવું પડે છે. તો આ બધા સ્વભાવ પર નિયંત્રણ રાખી શકીશું તો જ પરીક્ષામાં પાસ થવાશે.

(૪) મોક્ષ એટલે શું ? મોક્ષ એટલે મુક્તિ તો મુક્તિ ક્યારે મળે ? તો આપણી ઈચ્છા અને આપણી વાસના જ વારંવાર આ પૃથ્વી પર આવવાનું કારણ છે. આપણને કોઈ પ્રકારની ઈચ્છા જ ન રહે તેને કહેવાય પૂર્ણકામપણું. તો પૂર્ણકામપણું ક્યારે આવે ? તો આત્મનિષ્ઠા અને પરમાત્માના સ્વરૂપનું માહાત્મ્ય જ્ઞાન આ બે વસ્તુ સમજાઈ જાય ત્યારે પૂર્ણકામપણું આવે છે. આ વાત શ્રીજી મહારાજે ગ.પ્ર.પ્ર.ના ૨૫ માં વચનામૃતમાં બતાવી છે. આ ચાર તત્વોનું જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી ત્રણ સાધન દ્વારા પરમાત્માને પ્રાપ્ત કરી શકાય છે.

(૧) શરીર (૨) મસ્તિષ્ક (૩) હૃદય

(૧) શરીર દ્વારા સારા સારા કર્મો કરીને બીજાનું કલ્યાણ કરીને સેવા કરીને તપ કરીને વગેરે કર્મો કરીને કર્મયોગ દ્વારા પરમાત્માને મેળવી શકાય છે.

(૨) મસ્તિક : મસ્તિક એ બધી ઈન્દ્રિયોના રાજા છે. મસ્તિક દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરી તપયોગ અને સાધનાથી પરમાત્માને પ્રાપ્ત કરી શકાય છે. તેને જ્ઞાનયોગ તરીકે ઓળખવામાં આવે છે.

(૩) હૃદય : જે વ્યક્તિને કર્મયોગ, જ્ઞાન યોગમાં સમજ ન પડે અને તપ અને સાધના કરી ન શકે તે સાચા દિલથી છળ, કપટ વગર પરમાત્માની આરાધના કરી નિષ્કામ ભક્તિ દ્વારા પરમાત્માને પ્રાપ્ત કરી શકે છે. તેને ભક્તિયોગ તરીકે ઓળખવામાં આવે છે. નિષ્કામ ભક્તિ કરી પરમાત્માને પોતાનો પ્રેમ આપવાનો છે. માગવાની ભાવના આવે ત્યારે પ્રેમને મોહ કહેવામાં આવે છે. બસ એક જ અપેક્ષા રાખવાની કે પરમાત્મા એમના ચરણોમાં સ્થાન આપે તો અંતઃકરણ શુદ્ધ રાખી, ચિત્ત નિર્મળ રાખી આપ સૌની નિષ્કામ ભક્તિ કરવાની શક્તિ પરમાત્મા ખૂબ વધારે તેવી શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

●

## અતિ દયાળુ રે, સ્વભાવ છે સ્વામીનો

- સાં.યો. કુંદનબા ગુરુ સાં.યો. કંચનબા

અતિ દયાળુ રે, સ્વભાવ છે સ્વામીનો,
પર દુઃખહારી રે, વારી બહુ નામીનો,
કોઈને દુઃખિયો રે, દેખી ન ખમાય,
દયા આણી રે, અતિ આકળા થાય,
અન્ન ધન વસ્ત્ર રે, આપીને દુઃખ ટાળે,
કરુણા દૃષ્ટિ રે, દેખી વાન જ વાળે,

પ્રેમાનંદ સ્વામી આ પંક્તિઓમાં ભગવાનના અસાધારણ ગુણનો પ્રકાશ પાથરે છે. દયા એ પરમાત્માનો અસાધારણ ગુણ છે. દયા શબ્દનો પ્રયોગ માત્ર પરમાત્મા માટે જ વપરાય છે. માણસ માટે શાસ્ત્રકારોએ પ્રયોજેલો શબ્દ કરુણા છે. તેથી પરમાત્મા દયાળુ છે ને માણસ કરુણાળુ છે.

દયા અને કરુણા બંને શબ્દ દેખાય છે એક જેવા જ, પરંતુ તેની વચ્ચે આકાશપાતાળનું અંતર છે. કરુણા એટલે પર પીડાને દેખી હૃદય દ્રવી જવું. અને દયા એટલે પર દુઃખને દેખી હૃદય દ્રવતાની સાથે સામેની પીડિત વ્યક્તિના દુઃખનું જ નિરાકરણ કરી નાખવું. કરુણામા માત્ર હૃદય દ્રવે છે. દયામાં દુઃખની જ વિદાયગીરી થઈ જાય છે. દયામાં કરુણાનો આપોઆપ સમાવેશ જાય છે. દયા એ શિખર છે. કરુણા એ શિખર સુધી પહોંચવાનું સોપાન છે.

માનવતાનો પ્રારંભ જ કરુણાથી થાય છે. પરને દુઃખી દેખી દિલ દ્રવી જાય કે 'બિચારો કેવો દુઃખી થાય છે.' આવી સંવેદનાત્મક વૃત્તિ આનું નામ જ માનવતા. આ પ્રકારની સંવેદના હિંસક પશુમાં નથી એ માત્ર માનવ પાસે જ છે. પરના દુઃખને સમજવાની વૃત્તિ એ જ કરુણા છે. આવી વૃત્તિ જેનામાં હોય તેજ પ્રથમ માણસમાં ગણાય છે. દિલમાં કરુણા હોય તો જ માનવી માનવ છે. નહીંતર એ હિંસક પશુ તુલ્ય ક્રૂર પશુ જ છે. આવી કરુણાના ઉપાસક થયા પછી જ ઈશ્વરીય દયાનો એક અંકુર ફૂટે છે. પરના દુઃખને સમજી લેવું એ બહુ મોટી સાધના છે. આ સાધનામાંથી પસાર થયા સિવાય કોઈ દિવસ સંતત્વ પ્રગટતું નથી. પરમાત્મા અને માનવ વચ્ચે એટલો જ તફાવત છે કે માનવ માનવના દુઃખને સમજે ને સમજ્યા

પછી કંઈક અંશે તેને મદદરૂપ થાય. એના દુઃખના ભાગીદાર બને. સંપૂર્ણ દુઃખનો વિનાશ ભલે ન કરી શકે પરંતુ પોતાની શક્તિ અનુસાર મદદરૂપ થાય તો એ માનવમાં ગણાય છે કરુણાવાન ગણાય છે. ત્યારે પરમાત્મા દુઃખી માણસના સંપૂર્ણ દુઃખને વિદાય આપી દે છે. એથી એ દયાળુ છે.

પ્રેમાનંદ સ્વામી કહે છે મારા મહારાજનો સ્વભાવ એવો દયાળુ છે કે પરના દુઃખને એ હરી લે છે. એના દુઃખને દેખી શકતા નથી. અને જેને જેવા પ્રકરાનું દુઃખ તે તે રીતે વસ્તુ પદાર્થ આપીને તેના દુઃખનું નિરાકરણ કરે છે. તેથી સ્વામી કહે છે શ્રીહરિ કોઈને અન્ન ખાવા ન મળતું હોય તો અન્ન આપી દુઃખ હરી લે. કોઈ વસ્ત્ર વગરનો હોય તો તેને વસ્ત્ર આપી તેના દુઃખનું નિવારણ કરે છે. તેથી પ્રેમાનંદ સ્વામીએ શ્રીહરિને દયાળુ શબ્દથી સંબોધ્યા છે. ભગવાન શ્રીહરિના દયાળુતાના અનેક પ્રસંગો આપણા શાસ્ત્રોમાં વર્ણવેલા છે. ગઢપુરમાં એકવાર ભગવાન શ્રીહરિએ અડધી રાત્રે એક ભિખારણ બાઈનો અંતરનો આર્તનાદ સાંભળી તે બાઈની પાસે જઈ તેને રોટલા જમાડી તેના ભૂખના દુઃખને દૂર કર્યું.

ખોલડીયાદના રૂડા ભગતને કાળના વરસમાં સૂકાઈ ગયેલાં બાજરીના ખેતરમાં વરસાદ કરી પાંચ કળશી બાજરો આપી દુષ્કાળનું વરસ પસાર કરાવી દીધું.

આંબા ગામના દેવશી લુહાર શ્રીહરિના અનન્ય નિષ્ઠાવાન ભક્ત. મંદિર ચણવાનું અધુરું કાર્ય પોતાના ઘરનું ઘરેણું વેચી સાતસો રૂપિયા આપીને પૂર્ણ કર્યું. સંતોને તેડાવી મૂર્તિ પધરાવી. જમાડ્યા ને ધોતિયાં ઓઢાડ્યા. તે વખતે દેવશી ભક્તના ઘરમાં ઘરેણાં નામે વાળી પણ નહોતી ને રૂપિયા નામે એક દોકડો પણ ન રહ્યો એવા નિર્ધન થઈ ગયા હતા. ને ગામમાં લેવા જાય તો પળી તેલ પણ કોઈ આપે નહિ એવા ટાણામાં તેના દીકરાનાં લગ્ન આવ્યાં ને વધાવ્યા પણ સામે પક્ષથી કહેવામાં આવ્યું કે રૂપિયા પાંચસો આપો ત્યારે દીકરો પરણીને ઘેર આવે. ગામના માણસો તથા નાતીલા ઠેકડી કરવા માંડ્યા કે રૂપિયા ક્યાંથી કાઢશે ? દેવશી ભક્તે શ્રીહરિને સંભાર્યા. પ્રભુ રસ્તો કાઢજો. તેવા સમામાં રાત્રિએ શ્રીજી મહારાજે દર્શન દીધા ને કહ્યું તમે કાંઈ ફિકર રાખશો નહિ રૂપિયા લઈ ને તે વખતે અમે આવશું. તમે સહુની સાથે ગોળ પાપડી ને ગાંઠિયા જમતા આવો. તમે અમારે અર્થે બહુ કર્યું છે. એમ કહીને મહારાજ અંતર્ધાન થઈ ગયા. પછી જાનને લઈને ચાલ્યા તે ગામ અમરેલી જાન ગઈ. સામૈયું થયું ને જાનને ઉતારો દીધો પછી સાંજે સૌને જમાડ્યા. ત્યાર પછી વર તોરણે આવ્યો ત્યારે વેવાઈ કહે પહેલા માંડવો ચૂકવો પછી વર પરણશે. એમ વાત કરે છે ત્યાં શ્રીજી મહારાજ વાણિયાનું રૂપ ધરીને જગન્નાથીનાં લૂગડાં પહેરી રૂપિયાની ફાંટ ભરીને આવ્યા. રૂપિયા પારખવા સારુ ગામનો સોની આવ્યો તે કહે 'આવા રૂપિયા તો મેં ક્યાંય ભાળ્યા નથી' ત્યારે દેવશી ભગત કહે 'એ રૂપિયા તો અમારે જૂનાગઢના પુરુષોત્તમ શેઠની પેઢીના છે. તે વખતે મહારાજે ભક્તને કહ્યું તમારે રૂપિયા જોઈએ તેટલા લઈ લેજો પછી નહી મળે. ત્યારે ભગતે રૂપિયા પાંચસો લીધા તે પછી મહારાજ અંતર્ધાન થઈ ગયા. આ જોઈ સહુ આશ્ચર્ય પામ્યા. આમ શ્રીજી મહારાજે દેવશી ભગતને ધન આપી દુઃખ ટાળ્યું. તેવી જ રીતે ઝમરાળાના વાણિયાએ શ્રીહરિને ૧૦ રૂપિયા આપ્યા હતા. તો જ્યારે તે વાણિયાએ દેવાળુ કાઢ્યું ને મરવા તૈયાર થયો ત્યારે ભગવાન શ્રીહરિએ દસના દસ હજાર આપ્યા ને તેનું દુઃખ દૂર કર્યું.

પ્રેમાનંદ સ્વામી કહે છે કે કરુણાનિધાન શ્રીહરિ આ રીતે અન્ન, ધન ને વસ્ત્ર આપી તેનું દુઃખ દૂર કરી દે છે તેના મુખનો વાન બદલી નાખે છે. શ્રીહરિની કરુણા દૃષ્ટિ જેના પર પડે તેનો ચહેરો જ બદલાય જાય. દુઃખથી ગમગીન ચહેરો તત્કાળ પ્રફુલ્લિત બની જાય. શ્રીહરિની કરુણામય દૃષ્ટિનો આ પ્રભાવ છે. પ્રેમાનંદ સ્વામી બે મોઢે શ્રીહરિની દયાળુ પ્રકૃતિનું ગાન કરે છે. કારણ કે પરમાત્માની દયા અહૈતુક હોય છે. ત્યાં કોઈ સ્વાર્થ નથી. બદલો લેવાની ભાવના નથી. કીર્તિકામના માટે નથી. માનવીની દયામાં સ્વાર્થ ભાવનાની ગંધ પડી હોય છે. ગુણગાન તો એનું જ થઈ શકે જેના અંતરમાંથી અકારણ દયાનું મહાઝરણું વહેતું હોય. આવા દયાના સાગર ભગવાન શ્રીહરિના ચરણમાં આપણે કોટિ કોટિ પ્રણામ કરી ભગવાન શ્રીહરિનો રાજીપો પ્રાપ્ત કરીએ અને સાથો સાથ આવા જ

દયાળુ સ્વભાવના આપણા લાડીલા ગુરુજી પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીના ચરણોમાં પ્રાર્થના કરીએ કે આવી માનવતા અને દયાળુતા અમારામાં કાયમને માટે રહે જેથી અમે ભગવાન શ્રીહરિના કૃપાપાત્ર બની શકીએ.

●

## જો સ્વભાવ સુધરે તો

- સાં.યો. કોકિલાબા (સુરેન્દ્રનગર)

માનવીના જીવનમાં પોતાનો સ્વભાવ મહત્વનો તેમજ અગત્યનો ભાગ ભજવે છે. પોતાનામાં રહેલો કુસ્વભાવ માનવી ત્યાગે તો તેનો મનુષ્ય જન્મ સાર્થક થઈ જાય છે. પણ માનવી સ્વભાવ સુધારે તો ને ? વરસોથી આપણે જપ-તપ-ધ્યાન-પૂજા-દાન વિગેરે કરીએ છીએ પારાયણ કથા, આખ્યાનો સાંભળીએ છીએ છતાં આપણું મન ટાઢું થતુ નથી કહેતા સ્વભાવ સુધરતો નથી. ક્રિયાઓતો કરીએ છીએ પણ અંતરથી નહિ. દિલથી નહી. ફક્ત ઉપરથી આમા દોષો કોનો ? ક્રિયાઓનો .... ના આપણો જ, જે જે ક્રિયાઓ કરીએ તેમાં જાગૃત રહીએ કાળજી રાખીએ તો મન પરોવાય તો જ અંતરમાં શીતલતા થાય. માટે જરૂર છે. સ્વભાવ સુધારવાની. જેનો સ્વભાવ સુધરે છે તેનું જીવન પણ સુધરી જાય છે.

સ્વભાવનું બળ સર્વ કરતાં અધિક છે. કદાચ સંસાર મુકાય પણ સ્વભાવ ન મુકાય એવો સ્વભાવ બળિયો છે. કુતરો કદાચ રાજા બને તોય જોડા ચાવવાનું છોડે નહિ. તેમ બધા ગુણોને દાબીને સ્વભાવ સર્વ અધિક વર્તે છે. મૂળા ઉપર ગમે એટલા મિષ્ટાન જમીએ પણ મૂળાનો ઓડકાર મિષ્ટાનના સ્વાદને દાબીને ઉપર આવે છે. સ્વભાવોનું પણ એવું જ છે. દુનિયામાં બીજા અભ્યાસક્રમ સહેલા હશે પણ સ્વભાવ ટાળવાનો અભ્યાસ કઠિન છે. કૂતરાં પાડા, ગધેડા, બિલાડાં, કાગડા વિગેરેના રૂપમાં અનેક જન્મો આપણે લઈ ચુક્યા છીએ. તેથી જીવમાં તેના પાશ ચોટ્યા છે. તેથી પ્રસંગ પડ્યે સ્વભાવો ઝળકી ઉઠે છે.

''બાર ગાઉએ બોલી બદલે તરૂવર બદલે શાખા,
બુઢાપામાં કેશ બદલે, પણ લખણ ન બદલે લાખા.''

વાંદરો ઘરડો થાય પણ ગુલાટ મારવાનું ભૂલે નહિ. તેમ આપણી ઉંમર વધે તો પણ આપણે આપણા સ્વભાવ છોડી શકતા નથી. કારણ કે સ્વભાવ ટાળવા કઠણ છે. કદાચ ભગવાં લૂગડાં પહેરી લેવાય પણ ક્રોધાદિક સ્વભાવ ટાળીને અંતર ભગવું કરવું કઠણ છે. શ્રીજી મહારાજના વખતમાં રોળાનંદ, નિર્વિકલ્પાનંદ, ગોતીતાનંદ, હર્યાનંદ, ચૈતન્યાનંદ, પૂર્ણાનંદ આદિક પોતાની વિચિત્ર પ્રકૃતિને કારણે સત્સંગમાં ટકી શક્યા નહિ. પડી ગયા છે. કડવી લીંબોડી પાકે ત્યારે મીઠી થઈને પડે છે. પણ સ્વભાવની કડવાશ કોણ જાણે ઠેઠ સુધી હેડો મુકતી નથી. તેથી જ કહેવાયું છે કે પ્રાણ ને પ્રકૃતિ સાથે જાય છે. શિર મુંડાવવું સરળ છે. પણ સ્વભાવ મુંડવાનું કામ અઘરૂં છે.

ઘણીવાર કેટલાકનાં નામ શીતળપ્રસાદ હોય પણ સ્વભાવે તે જ્વાળાપ્રસાદ જોઈ લો. નામને ને કામને બારસો ગાઉંનું છેટું હોય, સંતની સાથે જ ફરતા હોય પણ જો કોઈ આસનેથી ઉઠાડે તો જાણે ભોરીંગ જગાડ્યો. બે સન્યાસી ગૃહસ્થને ઘેર ગયા. એક નહાવા ગયો ત્યારે બીજો સન્યાસી ગૃહસ્થ, આગળ વાટવા માંડ્યો. ''સ્નાન કરને ગયા વહતો ગધે જૈસા હૈ.'' પેલો આવ્યો પછી બીજો ભાંડવા માંડ્યો જે, ''વહ તો બેલ જૈસા હૈ.'' પછી બંને જમવા બેઠા ત્યારે યજમાને એકના પાત્રમાં રાડા ને બીજાના પાત્રમાં ઘાસ નાખ્યું. ''ગધે જૈસા'' તેને રાડા ને ''બૈલ જેસા'' તેને ઘાસ. અણું તોડવા કરતાં પૂર્વગ્રહ રૂપી સ્વભાવ તોડવા કઠણ છે. સીંદરી બળે પણ વળ ન મૂકે તેમ માણસ મરે ત્યાં સુધી સ્વભાવ મૂકી શકતા નથી.

એક સંતે હરિભક્તને કહ્યું તમે આંટી મૂકી દો, અક્ષરધામમાં તો સાથે રહેવાનું છે ને ! તેણે કહ્યું અક્ષરધામમાં હું જુદો બેસીશ. બોલો, કેટલો વળ ! આવા અક્ષરધામમાં જાય તો જુદા બેસે ને ?

કીડી સખીને અપ્રેક્ષિત પ્રતિભાવ ન મળ્યો તો ખોટું લાગી ગયું કે અહીં મારી કોઈ કદર નથી. મારી ગાન વિદ્યાની કળાની દરકાર કરે એવો કોઈ નથી. ને તે ત્યાગાશ્રમ મૂકીને ચાલી નીકળ્યા. કોઈ મને વખાણે એવી જ અપેક્ષા વૃત્તિ છે. આ વૃત્તિ-પ્રકૃતિ કીડી સખીથી છુટી નહી. ઘણા લોકો તકતી ન લાગે તો દાન પણ ન કરી શકે. તકતી લાગે તો પૈસો છુટી શકે પણ પ્રકૃતિ છુટી શકતી નથી. **સમુદ્ર કોઈને કદી કાઢી મૂકતો નથી. પરંતુ સ્વભાવોજ**

**સત્સંગમાંથી આપણને કાઢી મૂકે છે.** મછિયાવના ફઈબાએ પોતાનું બગાડ્યું પણ ગામનુંય બગાડ્યું. જેમ કાચનું વાસણ ફૂટે પણ તેની કણીઓ બીજાનેય લોહી લુહાણ કરે છે. તેમ સ્વભાવો પોતાને તેમજ સત્સંગ બનેને નુકસાન કરતા હોય છે. સ્વભાવ મૂકીએ તો ભગવાન આપણા પક્ષમાં રહે. સ્વભાવ છોડ્યા વિના જ્ઞાન અને ભક્તિ શોભતા નથી.

મનુષ્ય સામાજીક પ્રાણી છે તેમ સ્વભાવ યુક્ત પણ પ્રાણી છે. આ જીવનો સ્વભાવ એવો છે કે જ્યાં માન મળે ત્યાં જાય. ટોકે ત્યાં ન જાય. ટોકે ત્યાં સારૂં ન લાગે પણ ટોક્યા વિના સ્વભાવ જાય ખરા ? શરીરનું મેડીકલ ચેકઅપ ડોકટરો પાસે કરાવીએ છીએ. પણ સ્વભાવોનું ચેકઅપ સંતો પાસે કરાવવું જોઈએ. સ્વભાવ એટલે પોતાના મનનું વલણ. જન્મોજન્મના કરેલ કર્મ તથા ટેવો લાંબે ગાળે દૃઢ થઈ જાય છે. તેને જ કહેવાય સ્વભાવ. દુનિયામાં બીજા કોર્સ પૂરા કરવા સહેલા છે. પણ સ્વભાવ સુધારવાનો કોર્સ ઘણો અઘરો છે. સ્વભાવ સાથે વેર રાખે ને ટાળવાનો પ્રયાસ કરે તો વળી સ્વભાવ ટળે. આત્મા સાથે વળગેલા સ્વભાવો જન્મ મરણનું કારણ બને છે. જેમ લીંબોળીમાંથી લીમડો થાય. તેમ સ્વભાવમાંથી જ બધું થાય છે. જન્મોજન્મ આપણે સ્વભાવને ખાતર-પાણી આપ્યાં જ કર્યા છે. તેથી સ્વભાવ તગડા જેવો થઈ ગયો છે. ઘણીવાર રસ્તા પર ટ્રાફિક જામ નથી હોતો પણ સ્વભાવ જામ હોય છે. સામ સામી ગાડીઓ ઉભી રાખીને પછી તો વાત વટે ચડે ને અનેક સમસ્યાઓ સર્જાય છે. માટે સ્વભાવને સુધારો.

સ્વભાવ આપણે ધારીએ તો ટળે પણ ખરો. જો નિત્ય અભ્યાસ રાખીએ, ખટકો રાખીએ તો જ સ્વભાવ સુધરશે. જેમ કૂવાનાં કાંઠા પર મહા કઠણ પથરો હોય છે. તેને વિષે નિત્ય પાણીને સિંચતા, નરમ દોરડીએ કરીને તેમાં કાપા પડે છે. તેમ જે નિત્ય સમાગમ કરીને, આત્મ નિષ્ઠા સહિત ભગવાનનું ભજન કરીએ તો જરૂર સ્વભાવ સુધરી જાય છે. સ્વભાવો તો ભલભલાની અધોગતિ કરી નાખે છે. સર્વત્ર સ્વભાવના જ કજિયા હોય છે. માટે ભૂંડા સ્વભાવ ત્યાગીને ભગવાન ભજવામા વિક્ષેપ કરે છે. જેથી ભુંડા સ્વભાવનો ત્યાગ કરવો.

## સેવાથી રાજી મહારાજ

- જીજ્ઞાસા જયંતિલાલ રાણપરા (મોરબી)

ગઢપુરના મંદિરનું કામ ચાલતું હતુ. શ્રીજી મહારાજ ગઢપુરમાં હતા. સંતો અને હરિભક્તો તેમાં તન, મન અને ધનથી સેવા કરતા હતા.

શ્રીજી મહારાજે દરેક સંતો-હરિભક્તોને આજ્ઞા કરી, ‘‘ઘેલામાં જે કોઈ સ્નાન કરવા જાય એ માથે એક પથરો ઉપાડીને લેતા આવે.’’ સ્વયં અક્ષરધામનાં અધિપતિ એવા શ્રીજી મહારાજ પણ પોતાના સોનેરી મોળીયા ઉપર પથ્થર મૂકીને લાવેલા. (શા માટે ?)

‘‘આપણા જેવાને સેવાનો મહિમા સમજાવવા માટે જતો ?’’

શ્રીજી મહારાજે એક દિવસ સાદ પાડ્યો કે, ‘‘મંદિર ના પાયામાં જે કોઈ એક શેર નોય પથ્થર નાખશે તેની એક પેઢીનું કલ્યાણ અમારે કરવું.’’

આ સાદ સાંભળી મહમદ નામનો મુસલમાનનો છોકરો બહુ મુમુક્ષુ હતો. તેને વિચાર કર્યો આ તો મફતમાં મળવાની વાત છે. શા માટે લાભ ન લેવો ?’ અને તે નોકરીથી સાંજે છુટી ઘેલા નદીએ ગયો ત્યાંથી એક વજનદાર પથ્થર ઉપાડી શકાય તેવો ઉપાડી મિત્રની દુકાને જઈ વજન કરાવ્યું. પુરા એકવીશ શેર થયો.

મહમદ પથ્થર માથે ઉપાડી દરબારમાં લાવી નીચે મૂક્યો. મહારાજ અક્ષર ઓરડીમાંથી બહાર પધારેલા. છોકરો મહારાજ પાસે ગયો. ચરણમાં પડ્યો અને કહે, ‘‘ સ્વામિનારાયણ તમે કહેલું જે એક શેર ના પથરે એક પેઢીનું કલ્યાણ આ પુરા એકવીશ શેર છે. બોલો કેટલી પેઢીનું કલ્યાણ કરશો ?’’

મહારાજ તેની સામું જોઈ હસ્યા અને કહે, ‘‘જેમ કહ્યું છે તેમ એકવીશ શેરે તારી એકવીશ પેઢીનું કલ્યાણ અમારે કરવું.’’ મહમદ ખૂબ રાજી થયો.

વ્હાલા ભક્તો ! સેવાથી એક નહી. બે નહી પણ પુરી એકવીશ પેઢીનું કલ્યાણ થયું .માટે ભક્તો તન, મન અને ધનથી સેવા કરવી. સેવાથી મહારાજ ખૂબ રાજી થાય છે.

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (શ્રી સ્વા. મંદિર, જેતલપુર)

પ્ર. ૧ અરે ! મૂળી ડોશી આ સ્વામિનારાયણ સ્વામિનારાયણ રટે છે પણ તેમાં તારું કલ્યાણ થાશે ? ગામના લોકોના આવા પ્રશ્નનો ઘાંડલાં ગામની ડોશી એ શું જવાબ આપ્યો ?

પ્ર. ૨ ઉના પાસે ટીંબી ગામમા સ.ગુ. વ્રજાનંદ સ્વામી મંદિર બંધાવતા હતા તેમાં છાપરું થાય તેવા કોઈ સંજોગ નહતા તેથી માથે ઘાસ નાખવાનો વિચાર કર્યો તેવામાં વીરા ભગત ગાડામાં નળીયા ભરીને લાવ્યાં ત્યારે સ્વામી એ કહ્યું તમે ક્યાંથી લાવ્યા ત્યારે વીરા ભગતે શું કહ્યું ?

પ્ર. ૩ સ્વામિનારાયણ ભગવાન પંચાળા પાસે બાલાગામ પધાર્યા ત્યાં એક બાઈ ને કહ્યું ''તમને જે વ્હાલું હોય તે આપો.?'' ત્યારે બાઈ એ શું આપ્યું ?

પ્ર. ૪ સત્સંગનો ને ભગવાનનો જોગ મળ્યો છે ને માયિક વિકાર સર્વે ટળી ગયા છે ને સત્સંગનો ખપ છેતો પણ માન-ઈર્ષા કેમ રહી જાય છે ?

પ્ર. ૫ ભક્ત ભૂલા ભગત સ્વામિનારાયણ ભગવાન ના દર્શન કરવા ભુજ જવા નિકળ્યા રસ્તો કાંઈ ખબર નહી .શ્રી હરિ એ બ્રાહ્મણ રૂપે આવી ભગત ને ભુજ પહોંચતા કર્યા. આ ભગત કયાં ગામના હતાં ?

પ્ર. ૬ જે માણસ કોઈ પણ પ્રકાર નો દારૂ પીએ છે, તેને યમદુતો કયા નરક માં લઈ જઈ કેવું દુઃખ આપે છે?

પ્ર. ૭ ''બ્રાહ્મણ વેદ ને ગુરુ તાતજી, તેનો જે દ્રોહ કરે સાક્ષાતજી / દશહજાર જોજન માંહીજી, એવા નરકમાં નાંખે તાંહીજી'' કેવા નરક કુંડમાં દુઃખ ભોગવવું પડે ?

## મે-૨૦૧૩ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

(૧) તમારે કાયમ અમારે ઘરે રહેવું. (૨) દર્શને જાઉં અને તેમની ડુંટી ઉપર રૂપિયો મેલવા દે તો ભગવાન ખરા. (૩) ભગત સુખી હતા અને હવે વધારે સુખીયા કર્યા. (૪) રાઘવાનંદ સ્વામી. (૫) નિર્માનાનંદ સ્વામી. (૬) વિ.સં. ૧૮૫૩ પોષ સુદી પૂનમ. (૭) અવિનાશાનંદ બ્રહ્મચારી

૧. પટેલ ધરમશીભાઈ નરસીભાઈ (અમદાવાદ)
૨. પટેલ વિનોદભાઈ પી. (વહેલાલ)
૩. પટેલ રેખાબેન કીર્તિકુમાર (ઉંઝા)
૪. પટેલ ધર્મિષ્ઠાબેન રવિન્દ્રભાઈ (રાજપુરવાળા)
૫. પટેલ નીશા અમિત (રાણીપ)
૬. સાં.યો. કોકીલાબા ઉષાબા (સુરેન્દ્રનગર)
૭. પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ (ઝુલાસણ)
૮. પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૯. પટેલ જયોત્સનાબેન રાજુભાઈ (આનંદપુરા-કડી)
૧૦. શ્રી નરનારાયણદેવ બાળ મંડળ (પંચવટી કલોલ)
૧૧. પટેલ મંજુલાબેન નટવરભાઈ (ડાંગરવા)
૧૨. ટીંબડીયા ચિંતન આર. (એપ્રોચ-બાપુનગર)
૧૩. ઓચ્છવ મંડળ (શ્રી સ્વા.મં. એપ્રોચ-બાપુનગર)
૧૪. ડાભી પ્રભાતસિંહ કેશરજી (ડાંગરવા)
૧૫. સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (સી.જી. રોડ)
૧૬. પંચાલ વંદના (કાલુપુર મંદિર)
૧૭. સાં.યો. રંજનબેન તથા નાનીબેન (સ્વા. મંદિર બહેનોનું વિરાટનગર)
૧૮. ભાવસાર અરવિંદાબેન (ચાંદલોડીયા)
૧૯. ભાવસાર વીણાબેન આર. (નવરંગપુરા)
૨૦. સાં.યો. કંચનબા, હીરાબા, ભગવતીબા (બહેનોનું મંદિર ધ્રાંગધ્રા)
૨૧. સાં.યો. ભારતીબા, મંજુબા (સ્વા.મંદિક કાલુપુર, હવેલી)
૨૨. કંચનબેન બાબુભાઈ અડાલજા (રતનપર)
૨૩. બારોટ ધર્મિષ્ઠાબેન બળદેવભાઈ (ઝુલાસણ)
૨૪. સુથાર સુધાબેન પ્રકાશભાઈ (ઝુલાસણ)
૨૫. પટેલ દિપીકા હિતેન્દ્રકુમાર (લુણાવાડા)
૨૬. સ.ગુ. સ્વામી લક્ષ્મણજીવનદાસજી (મહંતશ્રી એપ્રોચ)
૨૭. પટેલ કમુબેન નારણભાઈ (વડુ)
૨૮. ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
૨૯. શકરીબેન ભગત (બાઈઓનું મંદિર વડુ)
૩૦. પટેલ પ્રિયાન્સી ઘનશ્યામભાઈ (વડુ)
૩૧. પટેલ કોકીલાબેન ઘનશ્યામભાઈ (વડુ)
૩૨. પટેલ સુભદ્રાબેન અમૃતભાઈ (વડુ)
૩૩. પટેલ દિપીકા કિરણકુમાર (નારણપુરા)
૩૪. દબાસીયા દેવીબેન હિરાલાલ (મીરજાપર-કચ્છ)
૩૫. સાં.યો. શ્યામબાઈ અરજણ હિરાણી (મીરજાપર-કચ્છ)
૩૬. સાં.યો. ધનબાઈ શિવજી ભંડેરી (મીરજાપર-કચ્છ)
૩૭. સાં.યો. રામબાઈ ધનજી વરસાણી (મીરજાપર-કચ્છ)
૩૮. સાં.યો. જયશ્રીબેન પ્રવિણ વરસાણી (મીરજાપર-કચ્છ)
૩૯. પટેલ માણેકબેન મણીલાલ (દહેગામ)
૪૦. પટેલ લાલભાઈ એમ. (ગાંધીનગર)
૪૧. સાં.યો. બહેનો (શ્રી સ્વા. મંદિર મોરબી)
૪૨. સોની ઈલાબેન નરેન્દ્રકુમાર (દરિયાપુર)
૪૩. સોની શોભનાબેન સુરેશભાઈ (અમદાવાદ)
૪૪. ઠક્કર રીટાબેન જયેશકુમાર (વસ્ત્રાપુર)
૪૫. ભાવસાર વસંતીબેન અને પટેલ ડઈબેન (લાંઘણજ)
૪૬. ભાવસાર પલ્લવીબેન અને પટેલ શકરીબેન (લાંઘણજ)
૪૭. ગવૈયા ચંદ્રપ્રકાશદાસજી સ્વામી (માણસા)
૪૮. શા.સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી (જમિયતપુરા)
૪૯. ઘર સભા બહેનો (લુણાવાડા)
૫૦. પટેલ વિઠ્ઠલભાઈ મગનદાસ (રાણીપ)
૫૧. પટેલ શારદાબેન વિઠ્ઠલદાસ (ડાંગરવા)
૫૨. પટેલ કિશન (એપ્રોચ-બાપુનગર)
૫૩. રામાણી ચેતન (એપ્રોચ-બાપુનગર)
૫૪. પટેલ ભાવનાબેન એન. તથા પટેલ સરોજબેન આર. (મુબારકપુર)
૫૫. ભાવસાર સુમિત્રાબેન નરેશકુમાર (વિસનગર)

# સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદમાં શ્રીનરનારાયણદેવના ચંદનના વાઘાના દર્શન**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના શુભાશીર્વાદથી અને સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી અને શ્રી નરનારાયણદેવના પૂજારી બ્ર. સ્વામી રાજેશ્વરાનંદજીની પ્રેરણાથી પરમ કૃપાળુ શ્રી નરનારાયણાદિ દેવોને વૈશાખ સુદ-૩ અખાત્રીજના શુભ દિનથી ચંદન મલીયાગરના સુંદર વાઘાના દર્શન ચાલું થયા છે. રોજ અવનવા વાઘાના રૂપમાં કલાત્મક ચંદન ઉપર ડિઝાઈન વાળા વસ્ત્ર પરિધાન કરાવી દર્શન કરાવવામાં આવે છે. તેજ રીતે અક્ષરભુવનમાં બાલ સ્વરૂપ ઘનશ્યામ મહારાજને લાડ લડાવી સુંદર વાઘા ધરાવી દર્શન કરાવે છે. પૂજારી સંતો ભગવાનને અલૌકિક વાઘાના દર્શન કરાવી સર્વોપરી ભગવાન શ્રીહરિને રાજી કરે છે. આવી અસહ્ય ગરમીમાં ભગવાનને શિતલ ચંદનથી ઠંડક રહે તે માટે સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે. હરિભક્તો પણ દર્શન કરી ધન્ય ધન્ય બને છે. જેઠ સુદ-૧૫ પર્યન્ત આવા અલૌકિક દર્શન થશે.

(બ્ર.સ્વા. અનંતાનંદ, બ્ર.સ્વા. મુકુન્દાનંદ)

**કલા ભગતના કુંડાલ ગામે કથા પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી તથા સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી, સ.ગુ.શા.પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી)ની પ્રેરણાથી કલા ભગતના કુંડાલ ગામે રાત્રીય સપ્તાહ પારાયણ સ.ગુ. શા.સ્વામી રામકૃષ્ણદાસજી તથા સ.ગુ. શા. ચૈતન્યસ્વરૂપદાસજીના વક્તા પદે થઈ હતી. જેના યજમાન પ.ભ. કેશવલાલ અંબાલાલ પટેલ પરિવાર હ. ગોવિંદભાઈ અને કિરીટભાઈ રહ્યાં હતાં.

આ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા અને સૌ હરિભક્તોને રૂડા આશીર્વાદ આપ્યા હતા. છેલ્લા દિવસે સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી અને સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી આદિ સંતો પધાર્યા હતા. છેલ્લા દિવસે સમૂહ મહાપ્રસાદનું સુંદર આયોજન કર્યું હતું. સૌ ભક્તોએ કથા શ્રવણ કરી ધન્ય ધન્ય બન્યા હતા. (ડી.એન. પટેલ કુંડાલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર રામનગર (કલોલ) ૪૨ મો પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી તથા સ.ગુ. શા.પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી)ની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર રામનગર (તા. કલોલ) શ્રી ઘનશ્યામ મહારાજના ૪૨ માં પાટોત્સવ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૨૮-૪-૧૨ થી તા. ૨-૫-૧૩ પર્યન્ત શ્રીમદ્ ભાગવત્ અંતર્ગત નવમ સ્કંધની પંચ દિનાત્મક રાત્રીય પારાયણ સ.ગુ.શા. સ્વામી રામકૃષ્ણદાસજી અને સ.ગુ. શા.સ્વામી ચૈતન્યસ્વરૂપદાસજીના વક્તા પદે થઈ હતી. આ પ્રસંગના યજમાન પ.ભ. અંબાલાલ સાંકળચંદ પટેલ પરિવાર હ. શ્રી ઘનશ્યામભાઈ, શ્રી ભરતભાઈ, શ્રી રાકેશભાઈ અને શ્રી રાજુભાઈ રહ્યાં હતાં. આ પ્રસંગે તા. ૨-૫-૧૩ ના રોજ પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા હતા અને રૂડા આશીર્વાદ આપ્યા હતા.

સંતોમાં સ.ગુ. મહંત શા. સ્વામી હરિકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી, બ્ર. સ્વા. રાજેશ્વરાનંદજી, સ્વામી હરિચરણદાસજી (કલોલ) અને સ.ગુ.શા. સ્વામી નારાયણવલ્લભદાસજી પધાર્યા હતા. (શા. દિવ્યપ્રકાશદાસ)

**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં પ્રેરણાત્મક સેવા**

આપણા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં પવિત્ર પુષ્પની સુવાસ વ્યાપક રૂપે સમાજમાં પ્રસરવા લાગી છે. તે સુવાસને મોટા પર્વતો ઉંચા ગઢની દિવાલો પણ રોકી શકે નહીં. સમુદ્ર પાર પહોંચી શકે એવી દિવ્ય સુવાસ માનવ માનવ સુધી પહોંચવા લાગી છે. જેમાં કોઈ જ્ઞાતિ જાતિવાદનો ભેદ નથી.

પ.પૂ. વિશ્વવંદનીય મોટા મહારાજશ્રીના દિવ્ય સંકલ્પનું સાક્ષાત્ સ્વરૂપ સ્વામિનારાયણ મ્યુઝિયમ સૌના માટે કલ્યાણ કારી બની રહ્યું છે. હમણા જ ઈડરના મુસ્લિમભાઈઓએ સ.ગુ. મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજી (ઈડર) ની પ્રેરણાથી કસ્બા મુસ્લિમ સમાજ મોટી ઈડર તથા મનસુરી ધાંચી સમાજે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં સુંદર આર્થિક ધન રાશીની સેવા સમર્પી છે. શ્રીજી મહારાજ ના સમયમાં કરીમમીયા જેવા ઘણા ભક્તો થઈ ગયા. તેમ હાલ પણ પ.પૂ. મોટા મહારાજશ્રીના અલૌકિક પ્રભાવથી સત્સંગી ન હોય તેવા લોકો પણ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં યેનકેન પ્રકારે સેવા કરી રહ્યાં છે. (સ્વામી સત્યસંકલ્પદાસ, ઈડર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયામાં મારૂતિ યજ્ઞ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયામાં આદિ આચાર્ય પ.પૂ.શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ પ્રસ્થાપિત શ્રી કષ્ટભંજનદેવના સાનિધ્યમાં સ.ગુ. મહંત સ્વામી ગુરુપ્રસાદદાસજી તથા મહંત સ્વામી આનંદપ્રસાદદાસજીની પ્રેરણાથી ચૈત્ર સુદ-૧૫ શ્રી હનુમાન જયંતી પ્રસંગે મારૂતિ યજ્ઞનું આયોજન કર્યું હતું. પૂર્ણાહુતિની આરતી વયોવૃદ્ધ સંત સ.ગુ. સ્વામી માધવપ્રસાદદાસજી અને

સ્વા. સૂર્યપ્રકાશદાસજી આદિ સંતોએ કરી હતી. પ્રાસંગિક સભામાં શા.સ્વામી યજ્ઞપ્રકાશદાસજીએ દાદાનું માહાત્મ્ય સમજાવ્યું હતું. ભૂદેવોએ સુંદર મારૂતિયજ્ઞમાં વિધિ કરાવી હતી. (પા. નરોત્તમ ભગત)

**શ્રીહરિ મહિલા મંડળ કાંકરિયા**

પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીની શુભ આજ્ઞાથી અત્રે કાંકરિયા ખાતે શ્રીહરિ મહિલા મંડળના બહેનો દર શ્રીહરિ જયંતી અને દરેક એકાદશીના સત્સંગ સભાનું સુંદર આયોજન કરે છે.

જેતલપુરના સાં. બચીબાના શિષ્ય સાં. નર્મદાબા આદિ બહેનો સત્સંગ સભામાં કથા વાર્તાનો લાભ આપે છે. ચૈત્ર સુદ-૯ શ્રીહરિ પ્રાકટ્યોત્સવ ખૂબજ ધામધૂમથી ઉજવ્યો હતો. બહેનોએ રાત્રે પ્રાકટ્યોત્સવ આરતીના દર્શન કરી ધન્ય ધન્ય બન્યા હતા. (શ્રીહરિ મહિલા મંડળ, કાંકરિયા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કર્મશક્તિપાર્ક (નવા નરોડા)**
**૧૫ મો પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સમસ્ત ધર્મકુળ પરિવારના આશીર્વાદથી અને નારાયણઘાટ મંદિરના મહંત સ.ગુ. શા. પી.પી. સ્વામીની પ્રેરણાથી તેમજ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને હરિભક્તોના સાથ સહકારથી અત્રે મંદિરનો ૧૫ મો પાટોત્સવ વિધિવત રીતે ઉજવાયો.

આ પ્રસંગના ઉપલક્ષમાં રાત્રીય શ્રી ધીરજાખ્યાનમ્ પંચાન્હ પારાયણ તા. ૨૪-૪-૧૩ થી તા. ૨૮-૪-૧૩ પર્યન્ત સ.ગુ.શા. સ્વામી રામકૃષ્ણદાસજી તથા સ.ગુ. શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી (કોટેશ્વર ગુરુકુળ) ના વક્તા પદે થઈ હતી. આ પ્રસંગે પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી તથા અ.સૌ.પ.પૂ. મોટા ગાદીવાળાશ્રી પધાર્યા હતા અને બહેનોને દર્શન આશીર્વાદ આપી રાજી થયા હતા. તેજ રીતે પ.પૂ. મોટા મહારાજશ્રી પણ પધાર્યા હતા અને યજમાન પરિવાર ઉપર રાજી થઈ આશીર્વાદ પાઠવ્યા હતા.

તા. ૨૮-૪-૧૩ ના રોજ સમૂહ મહાપૂજાની પૂર્ણાહુતિ તથા અન્નકૂટ આરતી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે થઈ હતી. સ.ગુ. મહંત શા.સ્વામી હરિકૃષ્ણદાસજીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરી કથાની પૂર્ણાહુતિ કરાવી હતી. આ પ્રસંગે અમદાવાદ, નારાયણઘાટ અને એપ્રોચ મંદિરના સંતો પધાર્યા હતા. પ.ભ. અશ્વિનભાઈ દોંગા અને અન્ય હરિભક્તો યજમાનપદે રહ્યાં હતાં. (ગોરધનભાઈ સીતાપરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર વિહારમાં મારૂતિ યજ્ઞ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આશીર્વાદ સહ આજ્ઞાથી તથા સ.ગુ. મહંત સ્વામી ગુરુપ્રસાદદાસજી તથા સ.ગુ. મહંત સ્વામી આનંદપ્રસાદદાસજી (કાંકરિયા) અને સા.ગુ. સ્વામી સૂર્યપ્રકાશદાસજીની પ્રેરણાથી શ્રીસ્વામિનારાયણ મંદિર વિહારમાં ઠાકોરજીના સાનિધ્યમાં ચૈત્ર સુદ-૧૫ ના શ્રી હનુમાન જયંતીના દિને મારૂતિ યજ્ઞનું સુંદર આયોજન કર્યું હતું. જેના યજમાન પદે અત્રે ગામના પ.ભ. રમણભાઈ સોમાભાઈ બેચરદાસ પટેલ પરિવાર રહ્યાં હતાં. આ પ્રસંગે યજમાનશ્રી તરફથી ગામ ધૂમાડા બંધ જમાડેલ.

યજ્ઞની પૂર્ણાહુતિ પ્રસંગે ધામોધામના સંતો કાંકરિયા, અમદાવાદ, જેતલપુર, ધોળકા, સાપાવાડા, માણસા, નારાયણપુરા, સાયલા, સોકલી આદિથી પધાર્યા હતા અને યજમાન પરિવારની સેવાને બિરદાવી હતી.

(રમણભાઈ પટેલ વિહાર)

**પ્રસાદીભૂત વિહારગામે શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અ.નિ. સ.ગુ. ચિતારા સ્વામી બળદેવપ્રસાદદાસજીની દિવ્ય પ્રેરણાથી તથા સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (કાલુપુર મંદિર) તથા સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી તથા સ.ગુ. શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (નારાયણઘાટ મહંતશ્રી)ના આશીર્વાદથી અને પ.ભ. સાંકળચંદ છગનદાસ પટેલ તથા અ.સૌ. જડીબેન સાંકળચંદ પટેલના શુભ સંકલ્પથી એમના જીવન પર્વ અને શ્રીહરિ પ્રસન્નાર્થે શ્રીહરિ પ્રસાદીભૂત ગામ વિહાર ખાતે તા. ૬-૫-૧૩ થી તા. ૧૨-૫-૧૩ પર્યન્ત શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ સ.ગુ.શા. સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ)ના સમધુર કંઠે સંગીતના તાલે ધામધૂમથી સંપન્ન થઈ. આ પ્રસંગ દરમ્યાન તા. ૬-૫-૧૩ ના રોજ પ.પૂ. મોટા મહારાજશ્રી તા. ૯-૫-૧૩ ના રોજ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી, તા. ૧૧-૫-૧૩ ના રોજ પ.પૂ. મોટા ગાદીવાળાશ્રી, તેજ દિવસે પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા અને યજમાન પરિવાર ઉપર ખૂબજ રાજી થઈ આશીર્વાદ પાઠવ્યા હતા.

પૂર્ણાહુતિ પ્રસંગે તા. ૧૨-૫-૧૩ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા અને કથાની પૂર્ણાહુતિ બાદ સમગ્ર ગામ અને યજમાન પરિવારને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. કથામાં આવતા જન્મોત્સવ આદિ પ્રસંગો ધામધૂમથી ઉજવ્યા હતા. યજમાનશ્રી સાંકળચંદભાઈ, સુપુત્રો જયંતીભાઈ, શ્રી દશરથભાઈ, શ્રી પ્રકાશભાઈ, ચિ. ભરતભાઈ, પાર્થ, દિવ્ય, હર્ષ અને માહિરે ધર્મકુળ પૂજન આરતીમાં લાભ લઈ આશીર્વાદ મેળવ્યા હતા. પરિવારના સગા વ્હાલા સંબંધીઓ પણ કથા શ્રવણ અને પ્રસંગમાં ઉપસ્થિત રહ્યાં હતા. આ પ્રસંગનું પ્રેરણા માર્ગદર્શન સ.ગુ. સ્વામી શ્યામચરણદાસજી (મૂળી મહંતશ્રી) અને સ.ગુ. ભંડારી સ્વામી સૂર્યપ્રકાશદાસજીનું રહ્યું હતું.

આ પ્રસંગે ધામોધામના સંતો પધાર્યા હતા. સભા સંચાલન સ.ગુ.શા. સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી (કોટેશ્વર ગુરુકુળ)એ સંભાળ્યું હતું. યજમાનશ્રી તરફથી સવાર બપોર અને સાંજે ભોજન પ્રસાદની સુંદર વ્યવસ્થા કરી હતી.

(શા.સ્વા. નારાયણમુનિ)

**શાહીબાગ ખાતે શ્રીમદ્ ભાગવત કથા જ્ઞાન યજ્ઞ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા સ.ગુ. શા.પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી)ની પ્રેરણાથી અ.નિ. અંબાલાલ શિવરામદાસના મોક્ષાર્થે તથા ગં.સ્વ. રઈબેન અંબાલાલ પટેલ તથા અ.સૌ. ભીખીબેન કાંતિલાલ પટેલના શુભ સંકલ્પથી શાહીબાગ ખાતે તા. ૧૧-૫-૧૩ થી તા. ૧૭-૫-૧૩ પર્યન્ત શ્રીમદ્ ભાગવત કથા સ.ગુ.શા.સ્વા. રામકૃષ્ણદાસજી તથા સ.ગુ.શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી (કોટેશ્વર ગુરુકુળ)ના વક્તાપદે સુંદર સંગીતના તાલે થઈ હતી. જેના આયોજક શ્રી કાંતિલાલ અંબાલાલ પટેલ, શ્રી નરેન્દ્ર કાંતિલાલ પટેલ અને દિવ્યેશ કાંતિલાલ પટેલ રહ્યા હતા. કથામાં આવતા પ્રસંગો ધામધૂમથી ઉજવાયા હતા. તા. ૧૭-૫-૧૩ ના રોજ પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે કથાની પૂર્ણાહુતિ બાદ યજમાન પરિવારને પ.પૂ. મોટા મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

(શા. દિવ્યપ્રકાશદાસ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર પાનસરનો ૭ મો પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી અને સ.ગુ. શા.સ્વા. નારાયણવલ્લભદાસજી (વડનગર)ના માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર પાનસર (તા. કલોલ) નો ૭ મો પાટોત્સવ તા. ૨૧-૪-૧૩ ના રોજ પ.પૂ. મોટા મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે વિધિવત રીતે ઉજવાયો.

આ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૧૯-૪-૧૩ થી તા. ૨૧-૪-૧૩ પર્યન્ત ત્રિદિનાત્મક શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધની કથા સ.ગુ.શા. સ્વા. અભિષેકપ્રસાદદાસજી (વડનગર) ના વક્તાપદે થઈ હતી. સાથે મહાપૂજાનું પણ સુંદર આયોજન થયું હતું. તા. ૨૧-૪-૧૩ ના રોજ પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા હતા અને નિજ મંદિરમાં વિરાજમાન ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારી હતી. ત્યારબાદ કથાની પૂર્ણાહુતિની આરતી ઉતારી હતી. સભામાં મુખ્ય યજમાન શ્રી કિરણભાઈ જે. પટેલ (વડુ), કોઠારી ગોવિંદભાઈ ગજ્જર, શ્રી જીજ્ઞેશભાઈ ગજ્જર, શ્રી શૈલેષભાઈ નાયક અને શ્રી ઘનશ્યામભાઈએ પ.પૂ. મોટા મહારાજશ્રીનું પૂજન કરી આરતી ઉતારી હતી. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ. મોટા મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સભા સંચાલન સ.ગુ.શા સ્વા. વિશ્વપ્રકાશદાસજી (વડનગર મંદિરના કોઠારી)એ કર્યું હતું.

(શા.સ્વા. અભિષેકપ્રસાદદાસજી, વડનગર)

**શાયોના સીટી વિસ્તાર ઘાટલોડિયા વાર્ષિકોત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. શા. પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી) ની પ્રેરણાથી શ્રી નરનારાયણદેવ સ્વામિનારાયણ સત્સંગ મંડળ (શાયોના સીટી વિસ્તાર) ઘાટલોડિયાનો પ્રથમ વાર્ષિકોત્સવ સ.ગુ. મહંત શા.સ્વા. હરિૐપ્રકાશદાસજી (નારાયણપુરા મહંતશ્રી)ના વરદ્ હસ્તે ઉજવાયો. પ.ભ. મુકેશભાઈના યજમાનપદે શ્રી ઘનશ્યામ મહારાજનો અભિષેક થયો.

મહાપૂજામાં મુખ્ય યજમાન શ્રી નરેન્દ્રભાઈ આત્મારામ પટેલ અને બીજા ઘણા હરિભક્તોએ લાભ લીધો હતો. બહેનો દ્વારા સુંદર અન્નકૂટ ધરાવવામાં આવેલ. પાંચમી સત્સંગ સભામાં પૂ. મહંત સ્વામી (કાલુપુર)ના પ્રતિનિધિ સ.ગુ.શા.સ્વા. નારાયણમુનિદાસજી, મહંત શા. સ્વા. હરિૐપ્રકાશદાસજી (નારણપુરા), શા.સ્વા. માધવપ્રસાદદાસજી અને કોટેશ્વર ગુરુકુળના સંતોએ પધારી કથા વાર્તાનો લાભ આપેલ.

સંચાલકશ્રી રમેશભાઈએ શ્રી નરનારાયણદેવ અને ધર્મકુળનો મહિમા કહ્યો હતો. દર રવિવાર અને દર અગિયારસે સભાનો લાભ લેવા અત્રેના હરિભક્તોને અનુરોધ કર્યો હતો. (રમેશભાઈ પટેલ : ૯૫૮૬૪૨૨૬૦૧)

**બોપલ વિસ્તારના શ્રી નરનારાયણદેવના આશ્રિત હરિભક્ત બહેનને પરચો**

સર્વોપરિ ભગવાન શ્રીહરિના સાચા નિષ્ઠાવાન ઉપાસક અને ધર્મકુળ આશ્રિત હરિભક્તોને અવાર-નવાર મહારાજના અલૌકિક પરચા થાય છે. પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી સ.ગુ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી અને સ્કીમ કમિટી અને સંતો વિશ્વના સૌ પ્રથમ મંદિર શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર શ્રી નરનારાયણદેવ આદિ દેવોના સુવર્ણ સિંહાસનનું કામ કરાવી રહ્યાં છે. આ કાર્યમાં ભગવાન સાથે જ ભળે છે તે રીતે બોપલમાં વસતા શ્રી નરનારાયણદેવના આશ્રિત પ.ભ. દિલીપભાઈ અંબાલાલ પટેલના ધર્મપત્ની દિપીકાબેનને પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવે સ્વપ્નમાં દર્શન આપી કહ્યું તમે પહેરેલી સુવર્ણની વીંટી અમારા સુવર્ણ સિંહાસનમાં ભેટ ધરજો. જે વાત બોપલ મંદિરના મહંત સ્વામી શા. ધર્મવલ્લભદાસજીને કરતા તેમણે તુરંત શ્રી નરનારાયણદેવના કોઠારમાં સુવર્ણ સિંહાસનમાં સુવર્ણની વીંટી ભેટ ધરવા જણાવ્યું અને તેમણે કાલુપુર મંદિરના કોઠારમાં વીંટીની ભેટ ધરી અને ધન્ય ધન્ય બની ગયા ! બોપલ મંદિરમાં બહેનો દ્વારા દર અઠવાડીયે અને એકાદશીના સત્સંગ સભા થાય છે. સત્સંગની પ્રવૃતિ ખૂબજ

સારી થાય છે. પ.ભ. અમૃતભાઈ કોઠારી અને હરિભક્તો પણ ખૂબજ ઉત્સાહી છે. અહીં શ્રી નરનારાયણદેવ ગાદીનો ચુસ્ત સત્સંગ છે જેથીજ અહીં આવા સુંદર પરચા જોવા મળે છે.

(પ્રવિણભાઈ ઉપાધ્યાય)

**શ્રી સ્વામિનારાયણ મંદિર દેવપુરા શતાબ્દી મહોત્સવ**

શ્રી નરનારાયણદેવ પાઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી દેવપુરા ગામ મંદિર નિર્માતા સ.ગુ. પૂ. નિરંજનદાસજી સ્વામી, પૂ. સ.ગુ. શા.સ્વા. હરિસ્વરૂપદાસજીની દિવ્ય પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર દેવપુરાનો શતાબ્દી મહોત્સવ તા. ૨૯-૪-૧૩ થી તા. ૧-૫-૧૩ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિજીવન પારાયણ (પ્ર. ૨) સ.ગુ.શા.સ્વા. હરિકેશવદાસજી (ગાંધીનગર) તથા સ.ગુ. સ્વા. રઘુવીરચરણદાસજીના માર્ગદર્શનથી સ.ગુ.શા.સ્વા. હરિજીવનદાસજી (મહંતશ્રી હિંમતનગર) અને સ.ગુ.શા.સ્વા. ઘનશ્યામપ્રકાશદાસજી (મહંતશ્રી માણસા)ના વક્તાપદે થઈ હતી. ૧૦૦ વર્ષ પહેલા પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી વાસુદેવપ્રસાદજી મહારાજશ્રી ના વરદ્ હસ્તે અત્રે મંદિરની પ્રતિષ્ઠા થઈ હતી. જે ભગવાનના સ્વરૂપોને નવું સ્વરૂપ આપી રંગ આદિ કરી મારબલના નવા સિંહાસનમાં પધરાવી હતી. તેમજ બહેનોના મંદિરમાં પણ શ્રી રંગમહોલ શ્રી ઘનશ્યામ મહારાજના સ્વરૂપની નવી મૂર્તિ પધરાવી બન્ને મંદિરમાં તા. ૧-૫-૧૩ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે પ્રાણ પ્રતિષ્ઠા કરી આરતી ઉતારી હતી. આ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા ત્યારે ૭૦ ફૂટનો સુંદર મોગરાના ફુલનો હાર પ.ભ. લવજીભાઈ ભીમદાસ પટેલ પરિવારે પહેરાવ્યો હતો. સમસ્ત ધર્મકુળે આ ગામ ઉપર રાજી થઈ શ્રી નરનારાયણદેવ દેશનું અણી શુધ્ધ ગામ છે અને રહેશે તેવા રૂડા આશીર્વાદ આપ્યા હતા.

શ્રી નરનારાયણદેવ દેશના ધામોધામના સંતો મહંતોએ પધારી આશીર્વાદ આપ્યા હતા. ગામને ૧૨૫ વર્ષ અને મંદિરને ૧૦૦ વર્ષ તેમજ ગંગા જળીયા કૂઈ (પ્રસાદીની) ૧૦૦ વર્ષથી ગામને શુધ્ધ મીઠું પાણી પુરુ પાડે છે. તે નિમિત્તે આ ઉત્સવનું આયોજન કર્યું હતું. આ મંદિર બદ્રિનારાયણ મંદિરની બંગલી આકારનું ફક્ત લાકડાનો જ ઉપયોગ કરીને સંતોએ આબેહૂબ બનાવેલ જે બન્ને દેશમાં સૌ પ્રથમ મંદિર છે.

આ પ્રસંગે ગામના હરિભક્તોમાં શ્રી વાસુદેવભાઈ, મોહનભાઈ, ઝવેરભાઈ, લાલજીભાઈ, કેવળભાઈ, ચતુરભાઈ, રણછોડભાઈ, ધરમશીભાઈ, ચંદ્રકાન્તભાઈ, દયાળજીભાઈ, રમણભાઈ, બાબુભાઈ, શરદભાઈ, કાંતિભાઈ, રસિકભાઈ, નાગરભાઈ, લાલજીભાઈ રમણભાઈ આદિ હરિભક્તોએ શ્રધ્ધા ભક્તિથી સેવાનો લાભ લીધો હતો. બહેનોએ પણ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીને ભેટ પૂજન આરતી કરી આશીર્વાદ મેળવ્યા હતા.

(રણછોડભાઈ પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર રાબડીયા નો બીજો પ્રતિષ્ઠા તિથિ મહોત્સવ ઉજવાયો**

પ.પૂ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ની આજ્ઞા થી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદ થી તથા જેતલપુરધામ ના મહંત સ્વામી શા. આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી ગામ રાબડીયામાં બિરાજમાન ભગવાન સ્વામિનારાયણ, આદિ દેવોનો બીજો પાટોત્સવ તા. ૧૯-૫-૧૩ ના રવિવારે ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. ષોડશોપચારથી ઠાકોરજીની મહાપૂજા, અભિષેક સંતો અને યજમાનો દ્વારા થયો હતો. ત્યારબાદ સત્સંગ સભા માં જેતલપુરથી તપોમૂર્તિ સ.ગુ. શ્યામચરણદાસજી, શા. ભક્તિનંદન સ્વામી, છપૈયા થી બ્ર. સ્વામી હરિસ્વરૂપાનંદજી, કલોલ થી સ.ગુ. સ્વામી વિશ્વપ્રકાશદાસજી, મકનસરથી આનંદજીવનદાસજી એ કથાવાર્તા કરી હતી. મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ લાભ લીધો હતો. અંતે અન્નકૂટ આરતી કરી ભક્તજનોએ પ્રસાદ ગ્રહણ કર્યો હતો.

(ડો. ભગત સાહેબ (રાબડીયા)

**શ્રીસ્વામિનારાયણ મંદિર ચરાડાનો ૧૧ મો વાર્ષિક પ્રતિષ્ઠા તિથિ મહોત્સવ ઉજવાયો**

પ.પૂ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ની આજ્ઞા થી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદ થી એવંમ અ.નિ. સ.ગુ. કૃષ્ણકેશવ સ્વામી ની પૂર્વાશ્રમ ની જન્મભૂમિ માં પુનઃ મંદિર નિર્માતા જેતલપુરધામ ના મહંત સ્વામી શા. આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શા. પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી ગામ ચરાડા માં બિરાજમાન ભગવાન સ્વામિનારાયણ, આદિ દેવોનો અગીયારમો પાટોત્સવ તા. ૭-૫-૧૩ ના રવિવારે ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. પ્રથમ ષોડશોપચારથી ઠાકરોજી ની મહાપૂજા, અભિષેક સંતો અને યજમાનો દ્વારા થયો હતો. ત્યારબાદ સત્સંગ સભા માં જેતલપુરથી સ.ગુ. ભક્તિવલ્લભસ્વામી, મહંત સ.ગુ. કે. પી. સ્વામી, શા. ભક્તિનંદન સ્વામી, છપૈયા થી બ્ર. સ્વામી હરિસ્વરૂપાનંદજી એ પધારી કથાવાર્તા કરી હતી. મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ લાભ લીધો હતો. અંતે અન્નકૂટ આરતી કરી ભક્તજનોએ પ્રસાદ ગ્રહણ કર્યો હતો. પાટોત્સવના યજમાન પદે પ.ભ. રમેશભાઈ અંબાલાલભાઈ પટેલ દુધવાળા(ચરાડા) રહ્યાં હતા. સમગ્ર આયોજન પ.ભ. સંજયભાઈ પટેલ તથા શ્રી ન. ના. દેવ યુવક મંડળે કર્યું હતું.

(ભક્તિનંદનસ્વામી જેતલપુરધામ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ડુમાણા મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ**

પ.પૂ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ની આજ્ઞા થી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદ થી તથા જેતલપુરધામ ના મહંત સ્વામી શા. આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી શ્રીજી મહારાજના ચરણકમળથી અંકિત ગામ ડુમાણા માં ભાઈઓ અને બહેનો ના સ્વામિનારાયણ મંદિરમાં પુનઃપ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૯-૫-૧૩ થી ૧૧-૫-૧૩ સુધી ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે ત્રિદિનાત્મક રાત્રી સત્સંગ સભા નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી જેતલપુરધામ, શા. ભક્તિનંદનદાસ, શા. હરિપ્રકાશદાસજી-મકનસર મહંતશ્રી, શા. બ્ર. સ્વામી હરિસ્વરૂપાનંદજી એ કથા કરી ભકતજનોને તૃપ્ત કર્યા હતા. આ પ્રસંગે ભવ્ય મહાવિષ્ણુયાગનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૧૦-૫ ના સાંજે ભવ્ય ઠાકોરજીની નગરયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગામનાં તમામ ભક્તો એ ખૂબ જ ઉત્સાહ ઉમંગથી ભાગ લીધો હતો. ગામના સ્થાનિક ભક્તોનું કહેવું હતું કે ત્રીસ વર્ષ પછી ધાર્મિકયાત્રા ગામમાં ફરી છે. ખૂબ જ ઉત્સાહ ભક્તો માં હતો તેજ ઉત્સાહ તા. ૧૧-૫-૧૩ ના રોજ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી પ્રથમ વખત ડુમાણા ગામે પધાર્યા ત્યારે શોભાયાત્રા માં જોવા મળ્યો. ખૂબજ ભાવ પ્રેમથી શોભાયાત્રા ગામમાં ફરી હતી. ત્યાર બાદ પ્રથમ ભાઈઓના મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરવા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. જેમાં સ્વામિનારાયણ ભગવાન તથા વિઘ્નવિનાયક ગણપતી મહારાજની પ્રતિષ્ઠા કરી, આરતી ઉતારી બહેનોનાં મંદિરમાં પ્રતિષ્ઠા વિધિ માટે પધાર્યા હતા. ત્યાં પણ પ્રતિષ્ઠાની આરતી ઉતારી યજ્ઞનારાયણ ની પૂર્ણાહુતિનું શ્રીફળ હોમી ને કરી હતી સાથે યજમાનો પણ રહ્યાં હતા. ત્યારબાદ પ્રસાદીની જગ્યા જયાં શ્રીજી મહારાજ હિંચકે ઝુલ્યા તે લીમડાના થડના તથા પ્રસાદી ની છત્રી ના દર્શન કરી યજમાનશ્રીઓ ને ત્યાં પધરામણી કરી સભામાં પધાર્યા હતા. સભામાં પ્રથમ ધર્મકુળ પૂજન આરતી દ્વારા કરવામાં આવ્યું હતું. યજમાનશ્રીઓ દ્વારા સંતોનું પૂજન, ત્યાર બાદ યજમાનશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. લંડન થી પધારેલ પ.ભ. જેઠાભાઈ પટેલ જેમણે મંદિર માં સિંહાસન તથા મૂર્તિ ના યજમાન થઈને સેવાનો લાભ લીધો હતો તેમનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. પધારેલ સંતો પૈકી જેતલપુર થી સ.ગુ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી, કાંકરિયાથી સ.ગુ. શા. સ્વામી ગુરુપ્રસાદદાસજી, કાલુપુર થી સ.ગુ. સ્વામી જગતપ્રકાશદાસજી, જે. કે. સ્વામી આદિ સંતોએ પ્રવચન કર્યા હતા. અંતમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. પાટડી, વિરમગામ, ગોરૈયા, કાલીયાણા, આદિ થી સાં. યો. બહેનો પણ પધાર્યા હતા. મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગને શોભાવવા માટે પ.ભ. ભીખાભાઈ, પ.ભ. નવીનભાઈ, પ.ભ. બળદેવભાઈ, પ.ભ. હેમાભાઈ આદિ ગામના તમામ ભક્તોની ખૂબ સેવા રહી હતી. શ્રીહરિ તમામ ભક્તો ઉપર ખૂબ રાજી રહે ને સુખીયા કરે તેવા આશીર્વાદ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી એ પાઠવ્યા હતા. અંતે તમામ ભકતજનોએ પ્રસાદ ગ્રહણ કરી જીવન ધન્ય ધન્ય બનાવ્યું હતું.

(ભક્તિનંદન સ્વામી જેતલપુરધામ)

**મોટપ ધામે ભવ્યતાથી ઉજવાયો શતવાર્ષિક મહોત્સવ**

સર્વાવતારી સ્વામિનારાયણ ભગવાન ના ચરણ કમળ થી અનેક વખત અંકિત થયેલ ભૂમિ તથા સ.ગુ. ગોપાળાનંદ સ્વામી એ તુલસીભકતને આપેલ માખણીયા લાલજી મહારાજને જ્યારે ૧૫૦ વર્ષ અને મંદિરને ૧૦૦ વર્ષ પૂર્ણ થતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ની આજ્ઞા થી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદ થી તથા જેતલપુરધામ ના મહંત સ્વામી શા. સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી તથા સમગ્ર ગ્રામજનોના સાથ સહકારથી તા. ૧૨-૫-૧૩ થી ૧૬-૫-૧૩ સુધી નવ્ય ભવ્ય શતવાર્ષિક મહોત્સવ ઉજવવામાં આવ્યો. આ પ્રસંગે ૧૦૦ કલાકની મહામંત્રની ધૂનનું આયોજન તા. ૨૯-૪-૧૩ થી કરવામાં આવ્યું હતું. જેનો પ્રારંભ શા. સ્વામી આત્મપ્રકાશદાસજી એ કરાવ્યો હતો. જેનો તમામ ભાવિક ભક્તોએ લાભ લીધો. જેની પૂર્ણાહુતિ તા. ૩-૫-૧૩ ના વિજયધ્વજ રોપણ કરી ને કરવામાં આવી હતી. મહોત્સવના હાર્દરૂપ પંચદિનાત્મક શ્રીમદ્ સત્સંગિભૂષણ શાસ્ત્ર ની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના વક્તાપદે સ.ગુ. શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીએ (જેતલપુરધામ) બિરાજી સુમધુર સંગીતની સુરાવલી સાથે કથામૃત નું રસપાન કરાવ્યું હતું. સાથે સાથે ૧૪ સંહિતાપાઠ, વિવિધ શાસ્ત્રો નું વાંચન વિદ્વાન સંતો તથા ભૂદેવોએ કર્યું હતું. મહોત્સવ દરમ્યાન વિવિધ કાર્યક્રમો જેવા કે રંગોત્સવ, ખીચડી ઉત્સવ, જન્મોત્સવ, રાસોત્સવ, પુષ્પદોલોત્સવ, મહાઆરતી આદિ કાર્યક્રમો ધામધૂમથી ઉજવવામાં આવ્યા હતા. ભવ્યાતિ ભવ્ય જળયાત્રા નું આયોજન તા. ૧૫-૫ ના રોજ કરવામાં આવ્યું હતું. ખૂબજ ઉત્સાહ થી યુવાનો તથા ભાવિક ભક્તોએ લાભ લીધો હતો. ત્રિદિનાત્મક મહાવિષ્ણુયાગનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમા ૧૫૦ યજમાનશ્રીઓએ લાભ લીધો હતો. દરરોજ સંતોના આગમન થી મહોત્સવ ભર્યોભર્યો રહેતો હતો. કાલુપુર, માણસા, વડનગર, વિસનગર, ઈસંડ, કલોલ, ધોળકા, સાપાવાડા, જમીયતપુરા, મૂળી, સાયલા, છપૈયા આદિ ધામોધામ થી સંતોએ પધારી હૃદયના ઉદ્‌ગારો રજુ કરતા હતા. તા. ૧૪-૫-૧૩ ના રોજ પ.પૂ. મોટા મહારાજશ્રી

